Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૮ • તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૮ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## ઋણાંજલિ



## CA શ્રી શીવજી કુંવરજી વિકમશી

*જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓના કર્ણધાર*

*જ્ઞાનનો શીતળ છાંયો આપનારા વટવૃક્ષ*

*સંસ્કાર ઘડતરના સમર્થ શિલ્પી*

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય**

**શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**

**શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ**

*ટ્રસ્ટીગણ, અધિકારીગણ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તથા કર્મચારીગણ....*

# પુષ્પાંજલિ



## CA શ્રી શીવજી કુંવરજી વિકમશી

જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિઓને
સર્વાંગી ઉત્તેજન આપનાર પ્રેરક પ્રણેતા...
જ્ઞાતિમાં સર્વવ્યાપી શૈક્ષણિક જાગૃતિના યુગ પ્રવર્તક

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન પારોલા**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ) ધુલીયા**
**શ્રી કચ્છી દશા ઓસવાલ મહારાષ્ટ્ર એકમ**
**શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન મલકાપુર**
**શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર - (વરાડીયા) મલકાપુર**

# આદરાંજલિ



## CA શ્રી શીવજી કુંવરજી વિકમશી

જ્ઞાતિના સમૃધ્ધ શૈક્ષણિક વારસાના
દેદિપ્યમાન પ્રકાશપૂંજ...
પિતાતુલ્ય પથપ્રદર્શક

**હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી**





# પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના સુવર્ણ વર્ષીતપ અનુમોદનાર્થે
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ-વડોદરા નગરીમાં "શ્રી ચક્રેશ્વરી સાધના ભવન"નું
# ભવ્ય ઉદઘાટન અને તકતી અનાવરણ ની અવિસ્મરણીય તસ્વીરો







મોભી મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા નું બહુમાન કરતા વડોદરા સમાજના પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા અને કચ્છ રત્ન શેઠ શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા



દાતા પરિવારના શ્રી કિશોરભાઈ લોડાયા, શ્રી દિનેશભાઈ લોડાયા તથા શ્રી પારસ લોડાયા નું ચાંદીના રથ વડે વડોદરા સમાજના પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા અને ટ્રસ્ટી ગણ દ્વારા બહુમાન કરવામાં આવ્યુ .



દાતા પરિવારને પ્રશસ્તી પત્ર (મોમેન્ટો) વડે વડોદરા મહિલા મંડળ દ્વારા બહુમાન



દાતા પરિવાર તરફથી નુતન ઉપાશ્રય ની ચાવીઓ વડોદરા સંઘના ટ્રસ્ટીઓને અર્પણ વિધિ

# શ્રી શીવજી કુંવરજી વિક્રમશી

## જ્ઞાતિના શિક્ષણ - સંસ્કારના શિખરસ્થ જ્યોતિર્ધરની વિદાય...

શિક્ષણ, શિક્ષણ-ઉત્તેજન, શિક્ષણ પ્રસાર, શિક્ષણ સહાય, બસ શિક્ષણ, શિક્ષણ અને શિક્ષણને જ પોતાનો જીવનમંત્ર અને આદર્શ બનાવીને તે ક્ષેત્ર પૂરતી જ સ્વતઃ લક્ષ્મણરેખા દોરીને જ્ઞાતિમાં અને અન્ય જૈન સમાજમાં ભેખ ધરીને વર્ષોવર્ષ અને ઉત્તરોત્તર વિશેષ અને વિશેષ સમર્પિત તન-મન-ધનથી ૯૦ વર્ષની જૈફ વય સુધી નિરંતરપણે આ ક્ષેત્રમાં કાર્યરત રહેલા અને યુવાઓને પણ પડકારતા હોય તેવા ઉર્જા-શક્તિની બુલંદીના પર્યાય સમા શીવજીભાઈએ ગત ૧૫ ફેબ્રુઆરીએ આપણી વચ્ચેથી વિદાય લીધી ત્યારે પ્રારંભિક સ્વાભાવિક શોક આઘાતની લાગણીઓને, તે પછીની ક્ષણોમાં ખુદ શિવજીભાઈએ પોતાના જીવન દરમ્યાન આવા અનેકાનેક પ્રસંગોને વખતોવખત દર્શાવેલ, જીવનરસને આદર્શ ધ્યેયપૂર્તિથી જીવંત રાખવાના અભિગમને અનુરૂપ, સુયોગ્ય દિશામાં પરિવર્તિત કરવાની શિખામણ આપતા તેમનાં વ્યક્તિત્વ-વાણીનો ગુંજારવ તેમના પરિચયમાં આવનાર આબાલવૃધ્ધ વડીલ સૌ હજી પણ અનુભવી રહ્યા છે અને વર્ષો પર્યંત અનુભવતા રહેશે એવા ઉત્સાહ-ઉલ્લાસ પ્રેરક મનોરમ્ય પ્રતિમા સ્વરૂપ શીવજીભાઈને શોકાંજલિ આપવાને બદલે તેમને નતમસ્તક વિનમ્ર આદરાંજલિ આપવાનો આ અવસર છે.



શિવજીભાઈએ શૈક્ષણિક ક્ષેત્રમાં પદાર્પણ કર્યું તે સમયકાળ યોગાનુયોગ ભારતની આઝાદી મળી તેની ખુશી-ઉમંગની લહેરખીઓથી આંદોલિત હતો. પોતે બોર્ડીંગ-વિદ્યાર્થીગૃહમાં અભ્યાસ કરતા હતા તે દરમ્યાન જ તેમના નેતૃત્વ ગુણો ખીલ્યા અને સીત્તેરેક વર્ષ પહેલાં શિક્ષણ પ્રસારક સમિતિની સ્થાપના તેમજ પાંસઠેક વર્ષ પહેલાં વિદ્યાર્થી સંઘની સ્થાપના કરવામાં તેઓ અગ્રેસર રહ્યા. તે વખતથી જ તેમણે શિક્ષણક્ષેત્રની કંઠી બાંધી લીધી અને જ્ઞાતિના કે અન્ય રાજકારણમાં પ્રવેશવાના અનેક પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રલોભનોથી આકર્ષાયા વિના, કન્યા છાત્રાલય અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાતા રહીને શિક્ષણ-સંસ્કારના સરોવરમાં જ જળકમળવત રહ્યા - તે રીતે છેવટ સુધી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સુધી જ પોતાનું સમાજજીવન સીમિત રાખ્યું.

શીવજીભાઈએ આમ સાતેક દાયકાઓ પર્યંત લગાતાર અને આમરણાંત ન કેવળ વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલય જેવી આપણી જ્ઞાતિની સંસ્થાઓ, પણ મહાવીર જૈન વિદ્યાલય, સોનગઢ બોર્ડીંગ (શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ) જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાઈને અનકાનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓનો દોર પૂરેપૂરી લગન ને કટિબધ્ધતાથી સંભાળ્યો.

આ બધી સામાજીક વ્યસ્તતાને અતિક્રમીને તેમણે અધ્યાત્મિક રીતે પણ પોતાનું વ્યક્તિત્વ નિખાર્યું, તે સકળ જીવસૃષ્ટિને મંગલમૈત્રિ આપવાની પોતાના દૈનિક નિત્યક્રમની વિપશ્યના સાધનાને તેમણે સદૈવ અગ્રક્રમ આપ્યો.

આમ શિક્ષણ અને સંસ્કાર એક જ સિક્કાની બે બાજુ છે તેવી વિશિષ્ટ જીવનશૈલીની સમૃધ્ધ વૈભવ અને વિરાસત શીવજીભાઈ આપણા માટે મૂકી ગયા છે.

શીવજીભાઈની આ વિરલ પુણ્યસ્મૃતિને સદૈવ નવપલ્લવિત કરવાનું ઋણ ચૂકવીને તેમને આદરાંજલિ આપીએ.

**- રા.**

# ARIHANT BANK

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

Estd. 1984

Head Office : GB-10A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Tel No. 022-25799326 / 9619486622 Fax No. 022-25799323 Email:acblho@arihantbank.com

## श्री अरिहंत को-ऑप. बँक लिमिटेड




LOAN AGAINST PROPERTY

# લોન અગેન્સ્ટ પ્રોપર્ટી

# @ ૮.૫૦%*

*T&C APPLY

**પરત ચુકવવાની મહત્તમ મુદત ૧૨૦ મહિના સુધી**
**વ્યક્તિ, ફર્મસ્, કંપની, એલએલપી બધા ને મળી શકે છે**

## અમારી શાખાઓ

ભાંડુપ (વેસ્ટ) 9619486616 મુલુંડ (વેસ્ટ) 9619486617 ઘાટકોપર (ઇસ્ટ) 9619486618 ચિંચબંદર 9619486619
ડોંબિવલી (ઇસ્ટ) 9619486621 થાણા (વેસ્ટ) 9819086624 મોહીલી (સાકીનાકા) 08419906850
એપિએમસી (વાશી) 9619846623 માટુંગા (ઇસ્ટ) 022 24010427 બોરિવલી (વેસ્ટ) 022 28990850

# સદા આપકે સંગ .... અરિહંત

TOLL FREE NO: 1800-22-1984 (TIMING 10 AM to 6 PM) www.arihantbank.com /ShriArihantBank /ArihantBank

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 08/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 /64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

# જ્ઞાતિ અગ્રણીનો પ્રતિભાવ

## 'અનંત સિદ્ધિ'ના પુનર્વિકાસ વિષયે પ્રકાશ સમીક્ષાના તંત્રીલેખ સંદર્ભે જ્ઞાતિ અગ્રણી અને ભૂતપૂર્વ ટ્રસ્ટી CA શ્રી ઠાકરસી મેઘજી ગોસરનો પ્રતિભાવ

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા 'અનંત સિદ્ધિ' (ભાંડુપ)ની બાબતમાં રખાયેલ ઘોર નિષ્કાળજી અને શિથિલતાની વિગતો જણાવતો પ્રકાશ સમીક્ષાનો તંત્રીલેખ વાંચ્યા પછી ટ્રસ્ટના વહીવટકર્તા ટ્રસ્ટીઓ માટે જેટલા પણ કઠોર શબ્દો વાપરીએ તે ઓછા પડશે.

'પ્રકાશ – સમીક્ષા'એ ચેરીટી કમીશનરની ઓફિસમાંથી અધિકૃત નકલો મેળવવા જે સજાગતા દાખવી તેથી જ્ઞાતિની મોટી સેવા થઈ છે, તે બદલ પ્રકાશ સમીક્ષા માટે અભિનંદન અને આભાર વ્યક્ત કરવા જ જોઇએ.

'પ્રકાશ–સમીક્ષા'એ ટ્રસ્ટીઓની અરજી નામંજુર થઈ છે તેની માહિતી પ્રગટ ન કરી હોત તો ટ્રસ્ટીઓને તેમજ જ્ઞાતિને તેની જાણકારી હજી સુધી પણ થઈ હોત કે કેમ તે એક મોટો પ્રશ્ન છે.

ટ્રસ્ટીઓએ 'અનંતસિદ્ધિ'ની જમીનના ટાઇટલની ચોકસાઈ કરવા અંગે તેમજ આ પુનર્વિકાસ કાર્યવાહી સંપૂર્ણતઃ કાયદાકીય રીતે સંપન્ન થાય તે માટે કોઈ સક્ષમ અનુભવી કાનૂની સલાહકારની નિમણુંક કરી નથી તે હકીકત નિર્વિવાદ દેખાઈ આવે છે.

કોઈ એક કે બે ટ્રસ્ટીઓને આખી બાબત સોંપી દઇને અને તેમની કાર્યક્ષમતા પર ભરોસો મૂકીને બાકીના ટ્રસ્ટીઓ નિશ્ચિંત રહ્યા તેને કારણે આ ક્ષોભજનક પરિણામ આવ્યું છે અને જ્ઞાતિના તેમજ ટ્રસ્ટના સમય-શક્તિના ત્રણેક વર્ષનો વેડફાટ તો થયો જ છે પરંતુ સૌથી મહત્વની વાત તો એ છે કે આથી મૂલ્યવાન મિલકતને અને આપણા જ્ઞાતિ કુટુંબોને ઘણું વધારે નુકસાન પહોંચ્યું છે.

હવે જે થયું તે થયું. આ પછી આ પરિસ્થિતિમાંથી ઉકેલ કાઢવા શ્રી હંસકુમાર ભવાનજી ખીમજીએ પોતાના પ્રતિભાવમાં જે સૂચનો કર્યા છે તેની સાથે હું સંમત છું.

અગાઉના તંત્રીલેખમાં ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની બીજી મિલકતો અંગે પણ કેટલી નિષ્કાળજી બતાવી છે તેનો ચિતાર અપાયો છે તે બાબતને જોતાં અને આ બીજા તંત્રીલેખમાં જે યોગ્યતઃ વિકલ્પ સૂચવાયો છે તે પ્રમાણે ટ્રસ્ટની બધી મિલકતોના પુનર્વિકાસ કે સમારકામ કે નિકાલ જેવી બાબતોની સમગ્ર રીતે વિચારણા કરવા ટ્રસ્ટીઓએ જ્ઞાતિના આ ક્ષેત્રના અનુભવી વ્યવસાયિકો, નિષ્ણાતો અને અગ્રણીઓ જે માર્ગ ચીંધે તે પ્રમાણે જ કાર્યવાહી કરવી જોઇએ.

આમાં પણ ખાસ કરીને કાંજુરમાર્ગની મિલકતને 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસ સાથે સાંકળી લેવી જોઇએ જેથી ત્યાંના ટી.ડી.આર. હકોનો ઉપયોગ કરવા સાથે તે મિલકતનો પણ પુનર્વિકાસ કે નિકાલ કરી શકાય.

આ બધી બાબતો અંગે આ ટ્રસ્ટબોર્ડ સક્ષમ હોય તેમ લાગતું નથી. આમ પણ આ ટ્રસ્ટબોર્ડ પાસે હવે બે વર્ષ જેટલી જ મુદત બાકી છે એટલે તેઓ 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસની કાર્યવાહી પૂરી કરી શકશે નહીં તે વાત નક્કી છે. તેમજ ભવિષ્યના ટ્રસ્ટીઓએ અત્યારે જે પણ પ્રક્રિયા અગર શરૂ કરાઈ હશે તેને ના છૂટકે આગળ વધારવી પડશે તે જોતાં જ્ઞાતિના અનુભવી નિષ્ણાતોની જે સમિતિની નિમણુંક કરાઇ હોય તો તે અથવા અન્ય રીતે તેમના માર્ગદર્શન પ્રમાણે જ આ ટ્રસ્ટબોર્ડે કાર્યવાહી કરવી જોઇએ. આમાં આ ટ્રસ્ટબોર્ડે અહમનો કે પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા વિના જ્ઞાતિના વિશાળ હિતમાં પોતાની હાલની યોજના પડતી મૂકવી જોઇએ અને જ્ઞાતિના નિષ્ણાતો જે વિકલ્પનું સૂચન કરે તે પ્રમાણે આખી બાબત હાથ ધરવી જોઇએ.

**જાહેરાત આપનારાઓને નિવેદન**

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નંબર અવશ્ય મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

## કેશવજી મુલજી લોડાયા પરિવાર

૧૪-૧-૨૦૧૮ ના રોજ શ્રી અજીત સ્નાત્ર મંડળ - હુબલી દ્વારા દાવણગીરી પાસે આવેલ શ્રી નાગેશ્વર પાર્શ્વ ભૈરવધામની જાત્રાનું આયોજન કરવામાં આપ્યુ હતું. હુબલી થી લગભગ ૫૦ લોકોનો સંઘ ૧૧ વાગ્યાના સુમારે પાર્શ્વનાથ પહોંચ્યો. ત્યા સંઘનું સ્વાગત કરવા દાવણગીરી ની લગભગ ૫ કી.મી. દુર હાઈવે પર આવેલ આ સ્થળ પર આપણાં ક.દ.ઓ. ના કેશવજી મુલજી લોડાયા પરિવારના સભ્યો અમારી રાહ જોઈને બેઠા હતા. સંઘની બસ પહોંચતા જ ભાવભર્યું સ્વાગત કરી સૌને પ્રભુ પૂજા થી જમણવાર બધી જ સગવડ તૈયાર હતી. સંઘ માટે સવારના ૧૧થી સાંજના ૪ વાગ્યા સુધીની બધીજ વ્યવસ્થા આ પરિવાર દ્વારા કરવામાં આવેલ, તે બદલ ધન્યવાદ અને ખૂબ ખૂબ અનુમોદના આ પરિવારનાં જયોત્સનાબેન, પ્રવીણભાઈ, દિવ્યાબેન, દીનેશભાઈ, ચેતનાબેન, બીપીનભાઈ, પ્રતીભાબેન, ગૌરવભાઈ, પૂર્વીબેન આ નવે નવ સભ્યો ખડે પગે અતિથી સત્કાર માટે ઉભા હતા. આ પરિવારનો અતિથિ સત્કાર અને આદરભાવ જોઈને ઝુકી તો જવાય ને ! આટલું જ નહી જ્યારે સંઘે બહુમાન કરવાની વાત કરી ત્યારે પણ આ પરિવારના સભ્યો તૈયાર ન હતા.




**- અજીત સ્નાત્ર મંડળ**, હુબલી

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 12,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ને નમઃ ||

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન - લાલા

### વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૧૮ માર્ચ ૨૦૧૮ ના બપોરે ૩ થી ૫ કલાકે, સ્થળ : આદિ અનંત આરાધના ભવન, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮** મધ્યે બોલવવામાં આવી છે. દરેક ગામવાસીઓએ સભામાં હાજરી આપવી.


### એજન્ડા - કાર્યસુચી

૧) ગત સભા તા. ૧૫-૧-૨૦૧૭ની મિનિટનું વાંચન અને બહાલી.
૨) વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ના સંમેલન - ધજા તથા પર્યુષણ હિસાબોની રજુઆત (ઓડિટેડ રિપોર્ટ) તથા બહાલી.
૩) વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે ઓડિટરની નિમણુંક.
૫) પ્રમુખશ્રીની મંજુરીથી રજુઆત તથા તે બાબત નિર્ણય.

**નોંધ :** (૧) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે અને કાર્યવાહી કાયદેસર ગણાશે.
(૨) એજન્ડા ઉપરાંત ના સવાલો પ્રમુખશ્રીની મંજુરીથી ૨૧ દિવસ અગાઉ મોકલવા.

લિ. **શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન વતી**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ-વડોદરા નગરીમાં ''શ્રી ચક્રેશ્વરી સાધના ભવન''નું ભવ્ય ઉદઘાટન અને તકતી અનાવરણ

જય જય શ્રી વિમલનાથ કરૂણા સાગર અરિહંત પરમાત્માની અસીમ કૃપા થકી જિન શાસનની કિર્તી વડોદરા નગરે ચારે દિશામાં ફેલાઈ છે, જૈન ધર્મના શ્રી કુમારપાળ મહારાજા, સંપ્રતિ મહારાજા, પેથડશાહ શેઠ, વસ્તુપાલ-તેજપાલ, જગડુશાહ શેઠ, વિર ભામાશા, જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા જેવા નામાંકિત મહાનુભાવોની હરોળમાં વિ.સં. ૨૦૭૪ પોષ સુદ પાંચમ તા. ૨૨-૧૨-૨૦૧૭ ને શુક્રવારના સંસ્કારી નગરી વડોદરાના ઇતિહાસમાં કચ્છ ગામ જખૌના **માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા પરિવાર** તથા **અ.સૌ. ઉર્મિલાબેન પંકજકુમાર મોમાયા**નું નામ અંકિત થયેલ છે. જૈન સાધુ-સાધ્વી ભગવંતો ઉપાશ્રય તરીકે તથા સાધર્મિક શ્રાવક-શ્રાવિકા જ્ઞાનની સાધના માટે ઉપયોગ કરી શકે તે માટે આ દાતા પરિવારે સ્વબળે ''**શ્રી ચક્રેશ્વરી સાધના ભવન**''નું નિર્માણ કરી ઉમદા કાર્ય કર્યું છે.

સુદીર્ઘ ૫૧માં વર્ષીતપના આરાધકતપચક્રવર્તી-સૂરિગુણસિન્ધુના રાજદુલારા અચલગચ્છાધિપતિ પ.પૂ. જૈનાચાર્ય આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ, સરળ સ્વભાવી સળંગ ૧૪માં વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી કલ્પતરૂસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી આગમોદયસાગરજી મ.સા. તથા પ.પૂ. મૂનિશ્રી ભવ્યોદયસાગરજી મ.સા. આદિ મુનિવૃંદ વહેલી સવારે ઉગ્ર વિહાર કરી માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા પરિવારના નિવાસસ્થાને પધાર્યા અને પારણાનો લાભ આપ્યો. સકળ સંઘ માટે દાતા પરિવાર તરફથી નવકારશીની ઉમદા વ્યવસ્થા કરવામાં આવી. સવારના ૧.૦૦ કલાકે બેન્ડ-વાજા, બગી, ધર્મની ધજા સાથે અશ્વો, બેડા ગહુલી સાથે બહેનો અને દસાઈની પરંપરા મુજબ સાફામાં સજજ શ્રાવકો સાથે પખાવજ મંડળની આગેવાનીમાં પૂજ્ય શ્રી આ.ભ. આદી ઠાણાનું સામૈયુ ૧૧-૦૦ કલાકે શ્રી કે.ડી.ઓ. નગર આવ્યા. પ.પૂ. શ્રી આ.ભ. આદીની નિશ્રામાં સકળ સંઘની હાજરીમાં આ દાતા પરિવારે ''શ્રી ચક્રેશ્વરી સાધના ભવન'' અમુલ્ય ભેટ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ-વડોદરાને અર્પણ કરી ભવોભવના પૂણ્યનું ઉપાર્જન કરેલ છે.

પ.પૂ. જૈનાચાર્ય આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબનું ગુરૂ પૂજન તથા કામડી વહોરાવવાનો લાભ માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા પરિવારે લીધો.

દાતા પરિવારનો વિસ્તૃત પરિચય શ્રી મુકેશ માણેકજી લોડાયાએ આપ્યો તથા પ્રશસ્તી પત્રનું વાંચન શ્રી કમલેશ હીરજી નાગડા દ્વારા કરવામાં આવ્યુ.

દાતા પરિવારના શ્રી કિશોરભાઈ લોડાયા, શ્રી દિનેશભાઈ લોડાયા તથા શ્રી પારસ લોડાયાનું ચાંદીના રથ અને પ્રશસ્તી પત્ર મોમેન્ટો વડે વડોદરા સમાજના પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા અને ટ્રસ્ટી ગણ દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

દાતા પરિવાર તરફથી શ્રી ચંદેશ પદમશી છેડાએ ઉદ્બોદન કર્યું. અને ઉપાશ્રય તથા બાંધકામ વિશે સરસ માહીતી આપી. તક્તી અનાવરણનું વાંચન પણ શ્રી ચંદેશ પદમશી છેડાએ કર્યું.

આ ભવ્યાતિભવ્ય પ્રોગ્રામમાં આપણાં પધારેલા મોભી મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતાનું બહુમાન વડોદરા સમાજના પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા અને કચ્છ રત્ન શેઠ શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા એ કર્યું. નાંદેડ થી હર્ષદભાઈ લાપસીયા, અમદાવાદથી શ્રી ગુલાબભાઈ દંડ, સહીત અનેક મહાનુભાવોએ પધારી શ્રી સંઘની શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સાહેબ આગવી છટાથી વ્યાખ્યાન આપી ભક્તિ રસમાં લોકોને તરબોળ કર્યા. આભાર વિધિ શ્રી નરેન્દ્ર દામજી મોમાયાએ કરી.

બપોરના શ્રી સંઘ સ્વામીભક્તિ બાદ વાસ્તુ પૂજા ભણાવવામા આવી. સાંજના ચૌવિહાર બાદ ભક્તિ-ભાવના સાથે પ્રોગ્રામની પુર્ણાહુતી થઈ. સવારની નવકારશી, બપોરની સ્વામી ભક્તિ અને સાંજના ચૌવિહારની વ્યવસ્થા દાતા પરિવાર તરફથી રાખવામાં આવી. શ્રી વિમલનાથ દાદાની નયન રમ્ય આંગી પણ ઉપસ્થિત બધાને આનંદ વિભોર કરતી હતી. ઉપરોક્ત પ્રોગ્રામમાં લગભગ ૩૦૦ સાધર્મિક બાંધવોની હાજરી હતી.

સકળ સંઘ તરફથી આ ધર્માનુરાગી લોડાયા પરિવારના શ્રી કિશોરભાઈ, શ્રીમતી અરૂણાબેન, શ્રી દિનેશભાઈ, શ્રીમતી મનીષાબેન, ચિ. હિમાની, ચિ. પારસ, ચિ. મિરલની ભુરી ભુરી અનુમોદના કરવામાં આવી. સકળ પ્રોગ્રામનું સફળ સંચાલન શ્રી શાંતીલાલભાઈ લોડાયાએ કર્યું.

॥ શ્રી મહાકાળી માતાય નમઃ ॥ ॥ શ્રી સંભવનાથાય નમઃ ॥ ॥ શ્રી ગુણસાગરસૂરીભ્યો નમઃ ॥

શ્રી સંઘ સ્થાપના ૧૯૭૨

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

શ્રી સંભવનાથ ભગવાન ચોક, શ્રી જૈન દેરાસર લેન, વડાલા, મુંબઈ -૪૦૦ ૦૩૧. ફોન : ૨૪૧૨ ૫૬૬૮

**આવ્યા, આવશે - તપ ધર્મનાં... વડાલા નગરે સૂરી નિશ્રાએ... આયંબીલ તપનાં**



દિવ્ય કૃપા :
શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.




મંગળ આશિષ :
વડીલ યુવાચાર્ય, સાહિત્યદિવાકર પ. પૂ. આ. ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.



શુભ આશિષ :
જ્યોતિષાચાર્ય, પ. પૂ. આ. ભ.
શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ. સા.



શુભ નિમિત્ત :
સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.



શુભ આશિષ :
શાસન પ્રભાવક, પ. પૂ. આ. ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.



પાવન નિશ્રા :
આગમ પ્રભાવક, પ. પૂ. આ. ભ.
શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

સૂરિશ્વરોની આજ્ઞા આશિષે, આગમ ઉપદેશક પ. પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ની પાવન નિશ્રામાં ચૈત્ર માસની આયંબીલ તપની ઓળી શુક્રવાર તા. ૨૩/૦૩/૨૦૧૮ થી શનીવાર તા. ૩૧/૦૩/૨૦૧૮ સુધી શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘનાં આંગણે નવ દિવસ રહેવાની સગવડ સાથે રાખવામાં આવી છે. ફકત ૨૦૦ તપસ્વી ભાઈ - બહેનોને વહેલો તે પહેલોના ધોરણે આયંબીલ તપની આરાધના કરાવવામાં આવશે. સમસ્ત મુંબઈ મહાનગરના અચલગચ્છીય શ્રાવક - શ્રાવિકાઓને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. આપને પૂજા - સામાયિકના ઉપકરણો અને યોગ્ય વસ્ત્રો સાથે પધારવાનું છે. તે માટેના ફોર્મ સંસ્થાની ઓફીસમાંથી મેળવી લેવા. અનંતનાથ દેરાસર - મસ્જીદબંદર, થાણા, ડોંબીવલી, અંબરનાથ, નાલાસોપારા, વસઈ, ભાયંદર (ઈ), મીરા રોડ, દહીંસર ફોન ઉપર પોતાના નામ લખાવવા વિનંતી. ફોન : ૨૪૧૨ ૫૬૬૮ (સ. ૯ થી ૩ સુધી)

**આયંબીલ માટે દાતા આવકાર્ય છે.**

ગોલ્ડન દાતા : રૂા. ૫૦,૦૦૦/- | સીલ્વર દાતા : રૂા. ૨૫,૦૦૦/- | શુભેચ્છક દાતા : રૂા. ૧૧,૦૦૦/-

**લિ. શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ ના ટ્રસ્ટીઓ**

* શ્રી અશોક સોમચંદ દંડ - ૯૮૨૧૧ ૪૪૩૨૪ * શ્રી હરખચંદ મેઘજી ગાલા - ૯૮૨૦૩ ૪૩૮૦૧
* શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી - ૯૭૬૯૧ ૧૧૦૩૪ * શ્રી કિરણ વેરશી ગડા - ૯૦૮૯૯ ૭૩૯૭૦

---

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

રજિ નં. એ/૨૮૯૮ (મુંબઈ) તા. ૧૯/૧૧/૧૯૬૯)

સ્થાપના : સં. ૨૦૨૪

ન્યુ હનુમાન બિલ્ડિંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : (૦૨૨) ૨૩૭૨ ૯૩૦૪

## ધન્ય તપ... ધન્ય વર્ષીતપના આરાધકો

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના ઉપક્રમે સંવત ૨૦૭૪ના **સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા** વૈશાખ સુદ ૩, **બુધવાર તા. ૧૮-૦૪-૨૦૧૮**ના રોજ સોમૈયા ગ્રાઉન્ડ નં. ૨/૩/૪ ઘાટકોપર મુકામે યોજાયેલ છે. જેમાં જોડાવા માટેના પ્રવેશપત્રો નીચેના સ્થળેથી મેળવી, ભરીને તા. ૨૮-૦૨-૨૦૧૮ સુધીમાં મોકલી આપવા નમ્ર વિનંતી. આપ સૌ તપસ્વીઓ શાતામાં હશો.

**૧) સંસ્થાની ઑફીસ : ૧૧૦/બી કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ.**
**૨) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ - મસ્જીદબંદર**
**૩) શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ, વડાલા (વેસ્ટ)**
**૪) શ્રી જીરાવલા પાર્શ્વનાથ જૈન દેરાસર, ઘાટકોપર (ઈસ્ટ)**
**૫) શ્રી અચલગચ્છ જૈન સમાજ, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).**
**૬) શ્રી અચલગચ્છ જૈન સંઘ, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ).**
**૭) શ્રી અચલગચ્છ જૈન સંઘ, ગુફા રોડ, જોગેશ્વરી (ઈસ્ટ)**
**૮) શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ, નાલાસોપારા (ઈસ્ટ)**

**લી. માનદ્ મંત્રીઓ**

## ‘પ્રકાશ-સમીક્ષા’ કદઓની ધરોહર

– **પ્રવીણ લોડાયા**, વડોદરા

શતાબ્દીની કગારે ઉભેલા ‘પ્રકાશ-સમીક્ષા’ એ સમસ્ત જ્ઞાતિની ગૌરવાસ્પદ ધરોહર છે. સમગ્ર જ્ઞાતિને એના માટે ગર્વ હોય, અભિમાન હોય એ સ્વાભાવિક છે. જાણે એમ લાગે કે એક વિશાળકાય વડલાની છત્રછાયા હેઠળ જ્ઞાતિ નિશ્ચિંત બનીને બેઠી છે. જ્ઞાતિના અનેક સળગતા પ્રશ્નોને સુલઝાવવા, જ્ઞાતિને જગાડવા, એના પ્રશ્નોને વાચા આપવા પ્રકાશ-સમીક્ષાએ સુચારૂરૂપ કાર્ય કર્યું છે. ગોવિંદજીભાઈ, સનતભાઈ થી શરૂ કરીને વર્તમાન તંત્રીશ્રી આર. આર. સુધી માંડીને વાત કરીએ તો એમના અગ્રલેખોએ જ્ઞાતિને જાગૃત અવસ્થામાં લાવી મૂકી છે. ખરેખર તો એમના ચૂંટાયેલા અગ્રલેખોને એક પુસ્તકરૂપે બહાર પાડવાનું ભગીરથ કાર્ય કરીને સો વર્ષની ઉજવણી વખતે પ્રકાશિત કરવું જોઇએ. મનુષ્ય જીવનમાં જેમ ઉતાર-ચડાવ આવે છે, તેમ પ્રકાશ-સમીક્ષાએ પણ ઘણી તડકી-છાંયડી જોઇ છે. ૯૩ વર્ષના ઈતિહાસમાં ઘણા મુખપત્રો બહાર પડ્યા. અમુકના બાળ-મરણ થયા. કોઈ પાંચ વર્ષ ચાલ્યું કોઈ પચ્ચીસ વર્ષ ચાલ્યું પણ ‘પ્રકાશ’ અડીખમ ઊભું રહ્યું. એને ઉની આંચ પણ આવી નથી. જ્ઞાતિના દરેક ઘર, પહેલા દર મહીને અને હવે દર અઠવાડીયે પ્રકાશ-સમીક્ષા ક્યારે આવે તેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે.

કોઈ કંપની હોય, સંસ્થા હોય કે મુખપત્ર હોય એને ચલાવવા ડેડીકેશન જોઇએ. વીઝન જોઇએ, નિષ્ઠા જોઇએ, શુભ ભાવ જોઇએ. ફક્ત કોઈ તંત્રી પ્રત્યે કે કોઇ વ્યક્તિ પ્રત્યે તમને ગુસ્સો હોય કે દ્વેષ હોય તો એ સંસ્થા કદાપી ટકી ના શકે. તમે ટાટા-બીરલા જુઓ, મુંબઈ સમાચાર, ટાઈમ્સ, જન્મભૂમિ વિગેરે પત્રો જુઓ, સો-સો બસો વર્ષોથી ચાલી રહ્યા છે આ પણ એક જાતનું તપ છે.

આપણી જ્ઞાતિની દૃષ્ટિએ જોઇએ તો જે પણ મુખપત્રો નિકળ્યા તે તંત્રીએ તેમના કાર્ય પ્રત્યે ટીકા કરી અને તેમાંથી ઈર્ષ્યાભાવ અને દ્વેષ તેમજ ગુસ્સાથી બધા મુખપત્રો નિકળ્યા અને અલ્પ સમયમાં ડૂબી ગયા એમાં ક્યાંય પણ જ્ઞાતિ પ્રત્યે દાઝ કે નિષ્ઠા દેખાયા નહીં.

મારા સર્વે પ્રમાણે પ્રકાશ-સમીક્ષાને જ્ઞાતિનો યુવા વર્ગ હાથ લગાવતો નથી. ટેબલ પર પ્રકાશ પડ્યું હોય તો જાણે પસ્તીનો પેપર છે એવો એમનો વ્યવહાર જોવા મળ્યો છે.

યુવાનોને આજે પ્રાદેશિક ભાષા વાંચતા આવડતી નથી. મારા ઘરમાં યુવાનો છે તેમને ગુજરાતી પેપરનું પહેલું પાનું વાંચતાં એક કલાક લાગે. આટલો સમય કોની પાસે છે ? પ્રકાશ-સમીક્ષાં તંત્રીગણ એને લોકપ્રિય બનાવવા ઘણા પ્રયત્નો કરી રહ્યું છે. દા.ત. સારા સારા લેખકોની ટુંકી વાર્તા શરૂ કરી છે. પણ વાચંનારા કેટલા ? પહેલાના જમાનામાં ‘ભૂમિપત્ર’ આવે ત્યારે સૌ પ્રથમ લોકો હરિશ્ચંદ્રની વાર્તા વાંચે પછી અંદરના પાના ઉથલાવે. આવી રીતે પ્રકાશ સમીક્ષાનું પણ થઈ શકે પણ જન્મ-મરણ-સગપણ-લગ્નના પાના સિવાય કોઈ વાંચતું હોય એમ મને નથી લાગતું, થોડા અપવાદો ખરા. એ પણ ૫૦ થી વધારે ઉમરવાળા.

ટીકા કોઈનાથી સહન થતી નથી. ટીકા કરવી એ જ્ઞાતિ હિત ખાતર, સમાજ હિત ખાતર કે દેશ હિત ખાતર જરૂરી છે. એમાંથી ક્યાં ભૂલો થતી હોય તો તે સુધારી શકાય. જન્મે જૈન હોવા છતાં આપણે ભગવાન મહાવીરના નખના સોમાં ભાગ સુધીની આધ્યાત્મિકતા સુધી પણ પહોંચી શક્યા નથી.

પ્રકાશ-સમીક્ષા કેમ આટલા વર્ષોથી અડીખમ ઊભું છે ? એની પાસે સનત શાહ, અને આજે વર્તમાન તંત્રીશ્રી જેવા સમર્પિત મહાનુભાવો મળ્યા છે. જેમની દૃષ્ટિ જ્ઞાતિ હિત પ્રત્યે સદાયે જડાયેલી રહે છે. પોતાનો કોઈ જ સ્વાર્થ નહીં. પ્રકાશ-સમીક્ષાના ૧૦૦ વર્ષની ભવ્ય ઉજવણી સમયે હું હાજર રહું એટલું આયુષ્ય મળે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


।। શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

### શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી

આ વરસે મહારાજ સાહેબનો ચાતુર્માસ મળવાની સંભાવના છે. પણ આપણે ત્યાં સ્થાનીક વસતી ઘટતી જતી હોવાથી વ્યાખ્યાન આદિમાં ઉપસ્થિતિ ઓછી હોય છે. તો પધારનાર ગુરૂભગંવતો કોની સમક્ષ વ્યાખ્યાન ફરમાવશે ? આથી શ્રી સુથરી જૈન સંઘે ચાતુર્માસ કરાવવાની ઉદાર ઇચ્છા વ્યક્ત કરી છે. અત્રે આરાધના કરવા પધારનારને આવવા જવાની સ્લીપર ક્લાસની ટ્રેન ટીકીટની રકમ આપવામાં આવશે. ચાતુર્માસ આરાધના કરનારને ચાર મહીના રહેવા તથા જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવશે. તપશ્ચર્યા ગુરૂ ભગવંતો ફરમાવશે તે પ્રમાણે અથવા ઓછામાં ઓછું બિયાસણું કરવાનું રહેશે. રહેવા માટેની વ્યવસ્થા એક રૂમમાં ચાર જણના હિસાબે હંસરાજ નરસી મોમાયા અતિથિગૃહમાં કરવામાં આવશે.

વૈશાખ સુદ ૬ તા. ૨૦-૦૪-૨૦૧૮થી વૈશાખ સુદ ૮ તા. ૨૨-૦૪-૨૦૧૮ના શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની ધ્વજા રોહણનો કાર્યક્રમ તથા શ્રી ભલારાદાદાની ધ્વજા વૈશાખ સુદ ૭ તા. ૨૧-૦૪-૨૦૧૮ થી વૈશાખ સુદ ૯ તા. ૨૩-૦૪-૨૦૧૮ના ઉજવવાનું નક્કી થયેલ છે. જેમાં ભાગ લેવા સર્વે સુથરીવાલાઓને નમ્ર વિનંતી છે.

લી. **શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી**

# શ્રી ક.દ.ઓ સેવક ભરુડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરુડિયા, પો. દલતુંગી, જી : જામનગર
**મુંબઈ કાર્યાલય :** ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ,
ડૉ. આર. પી. રોડ, જવાહર ટોકીઝની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૯૩ ૦૬૯૬
Email : sevakbharudiyatrust@gmail.in Website : www.sevakbharudiyatrust.in

## ૧૨ મી વાર્ષિક સામાન્ય સભા

જય જિનેન્દ્ર,

આપણા સંઘની ૧૨ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૮.૦૩.૨૦૧૮ ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમા નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## એજેન્ડા

૧) ગત સામાન્ય સભાની મીનીટસનું વાંચન તથા તેને બહાલી
૨) વર્ષ ૨૦૧૬ ૨૦૧૭ ના ઓડીટેડ હિસાબને મંજુરી આપવી.
૩) વર્ષ ૨૦૧૭ ૨૦૧૮ માટે ઓડીટરની નિમણુંક કરવી.
૪) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા કરવી

નોંધ : કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે, તથા તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**: સભાનું સ્થળ :**
શેઠ શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ,
દેવપુંજ, શિશુકુંજ હોલની પાછળ, વાલજી લધાભાઈ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૮૦

**: સભાનું સમય :**
બપોરે ૩.૦૦ થી ૫.૩૦ કલાકે

**ચા અને અલ્પહારની વ્યવસ્થા છે.**

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડિટ રિપોર્ટ જોવા તા. ૮.૦૩.૨૦૧૮ થી તા. ૧૦.૦૩.૨૦૧૮ દરમ્યાન બપોરે ૪ થી ૬ વચ્ચે મુંબઇ કાર્યાલય મા જોઈ શકાશે, આપણા સંઘની વેબસાઈટ www.sevakbharudiyatrust.in ઉપર મુકવામાં પણ આવેલ છે. તો સભ્યો ત્યા પણ જોઈ શકે છે.

## નમ્ર નિવેદન

**આપણા દેરાસર ના વાર્ષિક સાધારણના નકરા (તા. ૦૧.૦૪.૨૦૧૮ થી તા. ૩૧.૦૩.૨૦૧૯) દરેકના રૂા. ૧૧૦૦૦ પ્રમાણે નીચે મુજબ છે. (૧) વાસક્ષેપ પૂજા (૨) પક્ષાલ પૂજા (૩) અંગલુછણા (૪) ચંદન પૂજા (૫) ફુલ પૂજા (૬) ધુપ પૂજા (૭) દીપક પૂજા વહેલો તે પહેલો ના ધોરણે મુંબઈ કાર્યાલયે નામ લખાવવા વિનંતી.**

**આપણા ગામે, શ્રી આદિનાથદાદાના જિનાલયે તેરમી ધજા લહેરાઇ**

પ્રથમ તીર્થંકર ભગવંત દેવાધિદેવ શ્રી આદિનાથદાદાના દેવવિમાન તુલ્ય આપણા જિનાલયની તેરમી ધજા મહાવદ ચૌદશ ને તા. ૧૪.૦૨.૨૦૧૮ ના દિવસે ધ્વજાના કાયમી દાતા પરિવાર **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ** ના પરિવારના હસ્તે લહેરાઇ.

આ ધ્વજારોહણનો મંગલમય પ્રસંગ સરસ રીતે અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજાવિધિ સાથે મંત્રૌચ્ચારપૂવર્ક, તેમજ પધારેલ પરિવારના સભ્ય, ગામવાસી તથા આમંત્રિત મહેમાનો સહ ૧૫૦ જણની હાજરીમાં ખૂબજ ઉલ્લાસ, ઉમંગથી અને સાધર્મિક ભક્તિ સાથે ઉજવાયો.


નોંધ : આગામી ચૌદમી ધ્વજાનો પાવન દિવસ **તા. ૦૫.૦૩.૨૦૧૯ ને મંગળવાર** ના નિધરિલ છે. તો ફરીથી સહુને બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

એજ લી. શ્રી **શ્રી ક.દ.ઓ સેવક ભરુડિયા અચલગચ્છ જૈન સંઘ વતી...**

રાજેશ કાંતિલાલ ધરમશી (માનદમંત્રી)     હીતેશ વિશનજી નાગડા (સહ માનદમંત્રી)

## કચ્છી કસબ - ૧૧૬

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ -**

[૧] ચોવિહાર (૪); [૩] અસરકારક (૪); [૭] નાહવું (૨); [૮] ફુણી લાગણી ધરાવનારા (૩); [૯] નકામું (૨); [૧૦] રકાબી (૨); [૧૧] ચહેરા (૨); [૧૨] સાફ સુથરો (૨); [૧૫] પોપળું (skin layer) (૩); [૧૬] ઠેસ લાગવી (૪); [૧૭] દાતણ (૩); [૧૮] અતિશય (૨); [૧૯] કડક સ્વભાવની વ્યક્તિ (૨); [૨૧] રાંધવું (૨); [૨૪] કઠોળો (railing) (૩); [૨૫] જાગૃતિ (૨); [૨૬] ઉધુંચતુ (૪); [૨૮] આવજાવ (૩); [૨૯] સુસ્તી (૩); [૩૦] રમી (સ્ત્રી જાતી માટે) (૩); [૩૧] ચહેરો (૩); [૩૨] છોકરીની સગાઇ થવી (૩)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧] છે (there are) (૨); [૨] ઇંડા (૨); [૪] લોટો (૪); [૫] રાખે છે (૩); [૬] બતાડવું (૩); [૯] અંચી (cheating in game)(૨); [૧૧] બફાટ કરવો (૪); [૧૨] મુંગા રહેવું (૨); [૧૩] ખોટું (૨); [૧૪] એક (૩); [૧૫] સંવેદના (૩); [૧૬] ગમેતે ખાવું (૬); [૧૯] નિશાની (૨); [૨૦] માથાની જૂ (૨); [૨૨] જાગૃતિ (૨); [૨૩] જીદ (૨); [૨૪] ગરદન (૨); [૨૫] સન્નાટો (૪); [૨૬] ઉંબરો (૩); [૨૭] માંદગી (૩); [૨૮] બહુ જૂની ચીજ (૩); [૨૯] કોઇક (૨)

## ક્યારેક એક પળ અટકીને.... – *સોનલ પરીખ*

મને યાદ આવે છે મારી પોતાની વાત. વર્ષો પહેલાં હું એમ.એ. માં ગોલ્ડ મેડલ લાવી ત્યારે મારા પિતાએ કહ્યું, 'મારા હિસાબે તો તેં આજે પચ્ચીસ ટકા મેળવ્યા.'

'પચ્ચીસ ટકા મેળવ્યા ? એટલે શું ? હું સમજી નહીં'

એમણે કહ્યું, 'જો, સારું ભણવું એટલે જિંદગીનું પચીસ ટકા કામ થયું કહેવાય. ત્યાર પછી પોતાના ક્ષેત્રમાં સેટલ થાઓ એટલે બીજા પચીસ ટકા કામ થાય અને તે પછી લગ્ન કરીને સારો પરિવાર બનાવો એટલે ત્રીજા પચીસ ટકા ઉમેરાય. કેટલા ટકા થયા ?'

'પંચોતેર' મેં કહ્યું.

'પચીસ ટકા બાકી રહ્યા ને ? તે સૌથી અગત્યના છે. આ પંચોતેર ટકા મેળવ્યા પછી બાકીના પચીસ તો જ ઉમેરાશે જો તમે સારા માણસ થયા હો. જો એ પચીસ ટકા નહીં ઉમેરાય તો બાકીના પંચોતેર ટકા મેળવ્યાનો કોઇ અર્થ નહીં.'

હું ચૂપચાપ સાંભળતી હતી. મારા માથે હાથ મૂકીને એમણે કહ્યું, 'આ સારા માણસ બીજા કોઇ માટે કે દુનિયા પર ઉપકાર કરવા માટે બનવાનું નથી. સારા બનવું એ આપણી પોતાની જાત માટેની ફરજ છે. આપણા હોવાથી દુનિયા બહેતર બને એ ધ્યેયથી કામ કરવું જોઈએ. દુનિયામાં આપણે એકલા નથી. બધા માણસો, જડચેતન સમગ્ર સૃષ્ટિ એક તાંતણે બંધાયેલી છે. શૃંખલાની એક કડી તરીકે આપણે રહેવાનું છે. નમ્રતાથી, જવાબદારીથી. જો પોતા માટે અને બીજાઓ માટે આ ન કર્યું તો બીજું બધું કર્યુંકારવ્યું ધૂળ જેવું ગણવું. સમજી બેટા ?'

આજે તેઓ નથી, પણ એમની વાત વારંવાર મને યાદ આવે છે અને જિંદગીના મહાસાગરમાં ગોથું ખવાઈ જાય ત્યારે હોકાયંત્રની જેમ દિશા બતાવે છે. એ દિશા કદી ખોટી કે ગેરમાર્ગે દોરનારી નથી હોતી.

આટલું જ નહીં, સારા મનુષ્ય બનવા માટે આપણે આપણામાં કંઈ કંઈ ઉમેરતા જવું પડે છે, કંઈ નકામું આવીને ભરાયું હોય તો કાઢવું પડે છે. જેમ ઘરમાં તેમ મનમાં ઝાપટઝૂપટ, બાવાજાળાં, ઝાડુપોતાં કર્યા કરવા પડે છે. રોજ રોજ. કેમ કે નવા નવા કચરા થયા પણ રહે છે. મજા આવે છે.

સારા મનુષ્ય થવું એટલે ચોક્કસ શું તે ભુલાતું જાય તેવા યુગમાં આપણે જીવીએ છીએ. આવું બધું વિચારવાનો આપણને વખત નથી. કેટલું કરવાનું છે. કેટલું દોડવાનું છે. કેટલું મેળવવાનું છે, પણ બધું કરી લઈશું, દોડવાનું પુરું થઈ જશે, બધું મેળવી લઈશું ત્યારે તે શિખર પર આપણી પાસે શું હશે ? આપણી આસપાસ કોણ હશે ? આપણી ભીતર શાંતિ હશે ?

ક્યારેક એક પળ માટે અટકીને પોતાને આટલું પૂછી લઈએ તો ?

***



॥ શ્રી અજિતનાથાય નમઃ ॥ રજી નં. એ-૭૫-જામનગર

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

**મુંબઈ કાર્યાલય :** C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પ્લેક્સ, રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

પ્રિય ગામવાસી ભાઈઓ, જય જિનેન્દ્ર !

દલતુંગી તીર્થે **શ્રી અજિતનાથ દાદાની ૧૧૫મી ધ્વજા** વૈશાખ સુદ પાંચમને **શુક્રવાર, તા. ૨૦-૦૪-૨૦૧૮**ના ધામધુમથી ઉજવવામાં આવશે. સર્વ ગામવાસી ભાઈ બહેનો તથા નિયાણી દિકરીઓને સહકુટુંબ પધારવા હાર્દિક આમંત્રણ છે.

વિધિકાર **શ્રી કલ્પેશભાઈ શાહ**, સંગીતકાર **શ્રી વિક્રમભાઈ મહેતા** સંગીત મંડળી સાથે પધારશે.

ધ્વજા નિમિત્તે સત્તરભેદી પૂજા તથા ૧૮ અભિષેક રાખવામાં આવેલ છે. જેનો નકરો રૂા. ૧૧૧૧/- રાખેલ છે. લાભ લેવા વિનંતી. નામ **શ્રી વનરાજભાઈ માલદે (098194 61510), શ્રી દિલિપભાઈ લાપસીયા (097693 36142), શ્રી પ્રવિણભાઈ લોડાયા (098338 19689)** ને લખાવવા વિનંતી.

સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ છે. જેનો નકરો **રૂા. ૨૫,૦૦૦/-** રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈચ્છુક લાભાર્થીએ ટ્રસ્ટી **શ્રી વનરાજભાઈ માલદે** અથવા **શ્રી દિલિપભાઈ લાપસીયા**નો સંપર્ક કરવા વિનંતી. સૌ ગામવાસી ભાઈ-બહેનોએ લાભ લેવા વિનંતી. ધ્વજાનો ચડાવો સ્થાનીકે બોલી દ્વારા (૨૦-૪-૨૦૧૮ના) આદેશ આપવામાં આવશે. અત્યારસુધી **રૂા. ૨૧,૦૦૦/-**ની ઓફર આવેલ છે. સૌ ગામવાસી ભાઈ બહેનો તથા નિયાણી દિકરીઓએ સહકુટુંબ ઉત્સાહભેર લાભ લેવા વિનંતી.

દર વર્ષની જેમ વર્ષ ૨૦૧૮-૨૦૧૯ (૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯) માટે દેરાસરના સર્વસાધારણ ખાતે નામ નોંધાવવા વિનંતી. નકરો **રૂા. ૩,૫૦૦/-** રાખેલ છે. નામો **શ્રી વનરાજભાઈ, શ્રી દિલિપભાઈ, શ્રી પ્રવિણભાઈ** ને લખાવવા વિનંતી. ચાલો સૌ ગામવાસી ભાઈ-બહેનો વહેલા વહેલા દલતુંગી પહોંચીએ તથા શ્રી અજિતનાથ દાદાની ધ્વજામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈએ અને ધન્ય થઈએ.

લિ. **શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## સાંધવ નગરે શ્રી શાંતિનાથાય જિનાલયની ૧૫૨ સાલગિરિ અને ધ્વજા રોહણ મહોત્સવ મહાસુદ ૧૩ તા. ૨૯-૧-૨૦૧૮ના પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ધામધુમથી ઉજવાયું

તા. ૨૮-૧-૨૦૧૮ના રાત્રે મહાકાળી માતાજીની ભાવના તેમજ પ્રભુજીની ભક્તિ કરવામાં આવેલ.

ધ્વજા મહોત્સવ પ્રસંગે મુંબઈ - વાપી - ગાંધીધામ - અંજાર થી ૭૦ જણની સંખ્યામાં પધારેલ.

**દરેકને રૂા. ૧૫૦ રૂા.નું સંઘપૂજન થયેલ. નિચે મુજબ દરેક ભાગ્યશાળી તરફથી રૂા. ૧૦નું સંઘપૂજન કરવામાં આવેલ.**

૧) શ્રી દામજી નરશી દંડ, ભાંડુપ, ૨) જીલ, ભવ્ય રાજેશ દંડ, ૩) માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ (વાપી), ૪) શ્રી ઠાકરશી લાલજી પટેલ, સાંધવ, ૫) માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા, ડોંબિવલી, ૬) પ્રિયાંશી જયેશ લોડાયા, મુલુંડ, ૭) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ, ૮) માતુશ્રી લીલાબેન માણેકજી દંડ, સાંધવ, ૯) શ્રી આણંદજી હીરજી ખોના, ગાંધીધામ, ૧૦) શ્રી પદમશી કલ્યાણજી ખોના, મુલુંડ, ૧૧) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ, મુલુંડ, ૧૨) માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા, થાણા, ૧૩) શ્રી શામજી નરશી દંડ, મુલુંડ, ૧૪) જયશ્રીબેન ઝવેરચંદ ખોના, ડોંબિવલી, ૧૫) રસીકભાઈ દેવરાજ લોડાયા, મુલુંડ. **વિધીવિધાન માટે કેવલભાઈ સાવલા, ભુજ. સંગીતકાર કમલેશભાઈ ગૌસ્વામી હાલપરથી પધારેલ.**

### સત્તરભેદી પૂજાનો લાભ નિચે મુજબ ભાગ્યશાળીઓએ લીધેલ.

શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, શેઠશ્રી શામજી નરશી દંડ, રસીકભાઈ દેવરાજ લોડાયા, વિરચંદ મેઘજી ખોના, પ્રવિણ કુંવરજી મોતા, પ્રકાશ માણેકજી લોડાયા, નવિન માણેકજી લોડાયા, વિપુલ ઠાકરશી પટેલ, ગોવિંદજી લાલજી પટેલ, મુકેશ ખીમજી દંડ, રાજેશ દામજી દંડ, જયેશ માણેકજી લોડાયા, વિપુલ કરમશી લોડાયા, કસ્તુરીબાઈ મણીલાલ લોડાયા.

ધ્વજા મહોત્સવ આનંદ ઉત્સાહથી ઉજવાયો. પ.પૂ. મુક્તિરત્નસાગરજી મ.સા. ત્રણ દિવસ સ્થીરતા રાખેલ. સાધુ ભગંવતો તેમજ સાધ્વીશ્રી ભગવંતો સારી સંખ્યામાં પધારી રહ્યા છે. લાભ મળે છે.

સાંધવ ગામે ત્રિદિવસીય મહોત્સવ તા. ૮-૫-૨૦૧૮ થી તા. ૧૦-૫-૨૦૧૮ના રાખવામાં આવેલ છે. ૨૫૦થી વધારે સંખ્યામાં ટીકીટો આવી ગયેલ છે. હજી પણ કોઈને ઇચ્છા હોય તો જરૂરથી પધારજો.

લી. **પ્રવિણ મોતા,** સાંધવ - ડોંબિવલી

## આરોગ્ય પ્રકાશ : લીવર અને તેની કાળજી

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આપણા શરીરમાં લીવર એ મોટું માંસલ અવયવ છે જે પેટની જમણી બાજુ, ઉદરપટલની નીચે ગોઠવાયેલું હોય છે. લીવરની નીચે પિત્તાશય નામની નાની કોથળી હોય છે જેમાં લીવરમાં બનેલા પિત્તનો સંગ્રહ થાય છે અને જ્યારે આપણે કાંઇ ખાઇએ અને પાચનની જરૂરિયાત હોય ત્યારે આંતરડાના શરૂઆતના ભાગમાં તે ઝરે છે અને તેનાથી અન્નનું પાચન થાય છે લીવર કેમિકલ્સને ડીટોકસીફાઈ કરે છે. અને દવાઓને મેટાબોલાઈઝ કરે છે. લીવર લોહીના ગંઠાવા માટેના પ્રોટીન્સ બનાવે છે. બિલીરુબીન, કોલેસ્ટ્રોલ અને હોર્મોન્સ બનાવે છે. આપણે જે પણ દવાઓ લઈએ તેનો નિકાલ કરે છે અને કીડની દ્વારા એ દવા બહાર નિકળે છે. ચરબી, પ્રોટીન અને કાર્બોદિત પદાર્થનું મેટાબોલાઈઝ (ચયાપચય) કરે છે, પાચન કરે છે. આપણા આહારમાં મુખ્યત્વે ચરબી પ્રોટીન અને કાર્બોદિત પદાર્થ હોય છે. એનજાઈમનું એક્ટીવેશન કરે છે. ગલાયકોઝન (શર્કરા) વિટામીન્સ્ અને મિનરલ નો સંગ્રહ કરે છે. પ્લાઝમા પ્રોટીન જેવા કે આલ્બ્યુમીન અને લોહી ગંઠાવાના પ્રોટીનનું સીન્થેસીસ કરે છે, ઉત્પન્ન કરે છે. આમ આવા તો કેટલાય કામ લીવર આપણા આરોગ્ય અને શક્તિ માટે કરે છે, ઝેર જેવી વસ્તુનો નિકાલ કરવા કોશિષ કરે છે, અને એટલે જ લીવરને શરીરની એક ફેક્ટરી જ કહી શકાય તેથી આ શરીરનું અંગ લીવર – તેની કાળજી આપણે લેવી જ જોઇએ. હવે લીવરની કાળજી લેવા માટે શું કરવું અને શું ન કરવું તેની છણાવટ કરીએ.

**શું કરવું :** આજકાલની લાઈફ સ્ટાઈલની સૌથી વધુ અસર લીવર પર પડી શકે છે. ખોટી લાઈફ સ્ટાઈલને લીધે લીવરની આસપાસ ફેટ જમા થઈ જાય છે જેને લીધે ફેટી લીવર જેવી સ્થિતિ થઈ શકે છે. એક આંકડા મુજબ આજે ત્રણમાંથી એક વ્યક્તિ ફેટી લીવરની શિકાર છે. આ માટે આપણે આપણા આહાર, કસરત અને બીજી કેટલીક મહત્વની બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

**૧) બેલેન્સ ડાયેટ (સમતોલ આહાર) :** આપણે જે આહાર લઇએ એમાં સમતોલપણું હોવું જરૂરી છે. આપણે શાકભાજી અને દાળ કે કઠોળનું પ્રમાણ રોટલી અને ભાત કરતાં વધારે રાખવું જરૂરી છે. લીવર માટે આહારમાં પ્રોટીનનું મહત્વ ઘણું છે. સામાન્ય રીતે આપણે ૩ રોટલી અને ૧/૨(અડધી) વાટકી શાક ખાઇએ છીએ તેને બદલે ૨ વાટકી શાક અને ૧ રોટલીનું પ્રમાણ હોવું જોઇએ તેજ રીતે ૧ મોટો ચમચો ભાત અને એક વાટકી દાળ ખાઇએ છીએ તેના બદલે ૨ વાટકી દાળ અને ૧ મોટો ચમચો ભાત પ્રમાણ વધારવું જરૂરી છે. લીવર માટે મહત્વના પ્રોટીન છે તે આપણને, શાકાહારીઓને દાળ અને કઠોળમાંથી જ મળે છે. આવા આહારમાં નાના ફેરફારો ઘણો મોટો બદલાવ લાવી શકે છે જે લીવર માટે સારું હોય છે. શાકભાજી વધુ ખાવાથી ફાયબર પણ મળશે અને વિટામીન, મિનરલ્સ્ અને ફાયટોઝન્સ પણ મળશે.

**૨) ખાવાના સમયની નિયમિતતા :** જ્યારે બે આહાર વચ્ચેનો સમય ઘણો લાંબો થતો જાય ત્યારે લીવર પર ઘણો ભાર પડે છે. લાંબા સમય સુધી ભુખ્યા રહેવું અને પછી એકદમ વધારે પડતું ખાઇએ ત્યારે લીવરને એની ક્ષમતા કરતાં વધારે કામ કરવું પડે છે કારણ કે લીવર પાચનક્રિયાનું અત્યંત મહત્વનું અંગ છે માટે જરૂરી છે કે આપણે આપણા નિયત સમયે આહાર લઇએ તો લીવર વ્યવસ્થિત કામ કરે.

**૩) હિપેટાઈટીસ (કમળો) A અને E :** આ અશુધ્ધ પાણીથી ફેલાતો રોગ છે. દુષિત પાણીમાં આ વાયરસ વધુ સમય જીવી શકે છે. પીવાનું પાણી હમેશાં શુધ્ધ હોવું જરૂરી છે. એટલે પાણી ઉકાળીને કે મશીન દ્વારા શુધ્ધ થયેલ જ પીવું. બહારનું પાણી

---

|| શ્રી શાંતિનાથાય નમઃ || ફોન : ૦૨૫૧૨-૨૩૪૭૯૦

**શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ) ધુલીયા**

કૉન્વેન્ટ સ્કુલ સામે, ચાલીસગામ રોડ, ધુલીયા – ૪૨૪ ૦૦૧. (મહારાષ્ટ્ર)

તારીખ : ૧/૨/૨૦૧૮

સુજ્ઞ શ્રી, જય જિનેન્દ્ર,

શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડિંગ ધુલીયાની જનરલ સભા (મિટીંગ) રવિવાર, તા. ૧૧/૩/૨૦૧૮ બપોરના ૬ ક. સંસ્થાના મકાનમાં ધુલીયા મુકામે રાખવામાં આવેલ છે. અજેંડાના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આપશ્રીને મિટીંગમાં સમયસર પધારવા વિનંતી છે. નીચેની ટીપ જરૂરથી વાંચી લેશોજી.

**અજેંડા**

૧) સંસ્થાની પાછલી તા. ૪-૧૨-૨૦૧૬ થયેલ મિટીંગનું મિનિટબુક વાંચીને કાયમ કરવું.
૨) સંસ્થાના પાછલા ૧૦ વર્ષોનું આર્થિક અહવાલ સાદર કરવું.
૩) સન ૨૦૧૬-૧૭ ઑડીટ રિપોર્ટને મંજુરી આપવી.
૪) ૨૦૧૮-૧૯ની અંદાજીત આવક-જાવક (બજેટ) મંજુરી આપવી.
૫) સન ૨૦૧૭-૧૮ આર્થિક વર્ષે માટે ઑડીટરની નેમણૂક કરવી.
૬) સંસ્થાના આજ સુધીના ચાલુ રહેલ કાર્યોની માહિતી આપવી.
૭) કારોબારી સમીતીને એક જગ્યા રિક્ત થવાથી નવા નિવડ થયેલ કારોબારી સભાસદની જાણ કરવી.
૮) શ્રી સંસ્થાના સન્માનીય ઉપ અધ્યક્ષ શ્રી દિપકભાઈ પોલડીયા એમના રિક્ત સ્થાને કારોબારી કમીટીયે નિવડ કરેલ ઉપ અધ્યક્ષની જાણ કરવી.
૯) બેંકના FDR વ્યાજ ઓછા થતા તે બાબત ચર્ચા કરી યોગ્ય માર્ગ કાઢવો.
૧૦) અધ્યક્ષ સાહેબની મંજૂરીથી આવેલ વિષયો પર વિચારણા કરવી.

લી. **કેતન ઠાકરસી ગોસર** – માનદ્ મંત્રી

નોંધ : ૧) જમણાંની વ્યવસ્થા સર્વ સભાસદ માટે મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે. ૨) આપ ક્યારે આવવાનો છો જેની સંસ્થાને જાણ કરશો જેથી વ્યવસ્થામાં સુગમતા રહે. ૩) જરૂર પધારી સંસ્થાને માર્ગદર્શન આપશો એજ અભિલાષા. ૪) જનરલ સભામાં સભાસદ ને કોઈપણ પ્રશ્ન થતા એની જાણ અને માહિતી સભામાં આપવાં માટે આપણો પ્રશ્ન સંસ્થાને ઓછા માં ઓછા પંધર દિવસ પહેલા લિખીત સ્વરૂપમાં જાન કરવા વિનંતી.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

પીવાનું ટાળો. આ વાયરસ હોય તો પણ નાશ પામે.

**૪) હિપેટાઈટીસ (કમળો) B, C અને D :** આ ત્રણે જાતનો કમળો લોહી દ્વારા ફેલાય છે. આ રોગ ફેમીલીમાં ફેલાયેલો જોવામાં આવે છે. કારણકે જે વ્યક્તિને આ બીમારી હોય તે વ્યક્તિનું ટૂથબ્રશ, ઓલિયું, દાઢીની રેઝર બીજા ફેમીલી મેમ્બર જો વાપરે તો તેને પણ આ રોગ થાય છે. માટે જ આ વસ્તુઓ વ્યક્તિગત રાખવી. આ ઉપરાંત કાન વીંધાવતાં કે ટેટુ બનાવતા ધ્યાન રાખવામાં ન આવે તો પણ એક નો ચેપ બીજાને લાગીશો છે. હિપેટાઇસ B અને હિપેટાઇસ C સાયલન્ટ રહીને એટલે કે કોઈપણ લક્ષણ વગર લીવરને નુકશાન કરે છે. લીવર ટેસ્ટ સિવાય આ રોગની ખબર પડતી નથી. શરૂમાં કાંઈ લક્ષણ નહિં અને પછી લીવરને વધુ નુકશાન થાય ત્યારે જાણ થાય અને ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. તેથી જ આ બિમારી ન થાય તેની તકેદારી રાખવી જોઈએ.

**(૫) કસરત :** કસરત પણ ખૂબ મહત્વની છે ઓછામાં ઓછું ૪૫ મિનિટનું વોકિંગ ખૂબ જરૂરી છે આ સિવાય વ્યક્તિને જેમાં રૂચિ હોય એ પ્રકારની ખાસ કરીને એરોબીક કસરત (દોડવું, સાઈકલીંગ, તરવું વગેરે) લીવરને ઉપયોગી સાબિત થાય છે.

**(૬) વેક્સીન (રસી) :** લીવરના રોગોને હિપેટાઈટીસ **A** અને હિપેટાઈટીસ **B** ના વેક્સીન થી થતાં રોકી શકાય છે.

**(૭) પુરતી ઉંઘ :** શાંત અને પુરતી ઉંઘ લેવાથી લીવરને ફાયદો થાય છે. રાતના ૧૧ થી ૩ વાગ્યા દરમ્યાન લીવર ડીટોક્સીફાયની ક્રીયા સારી રીતે કરે છે. અને તે દરમ્યાન શરીરના ટોક્સીનને શરીરની બહાર કાઢે છે માટે જ વહેલા સુઈ ને વહેલા ઉઠો. જેટલા મોડા સુવાનું કરશો તેટલું લીવરને ડીટોક્સીફાય કરવાનો સમય ઓછો મળશે અને આમ શરીરમાં રહેલા ટોક્સીન આરોગ્યને નુકશાન કરશે.

**શું ન કરવું :**

**(૧) દારૂ :** દારૂ લીવરનો મુખ્ય શત્રુ છે. માટે લીવરને નિરોગી રાખવો હોય તેણે દારૂ ન પીવો. છતાં આદત ન જ છૂટતી હોય તો તેનું પ્રમાણ અઠવાડીયના ૧૪ યુનિટ-જે નિરોગી હોય તેમના માટે. જેમને હાર્ટડીઝીઝ, ડાયાબીસીસ-કીડની પ્રોબ્લેમ હૉલ તેવી વ્યક્તિઓએ તો બિલ્કુલ લેવું ન જોઈએ. જેમના કુટુંબમાં દારૂને કારણે લીવરને નુકશાન થયું હોય તેવા કુટુંબની અન્ય વ્યક્તિઓએ પણ દારૂ ન પીવો, કારણ કે તેમને આ લીવરના રોગ થવાની સંભાવના વધુ હોય છે. દારૂ લેતા હોય તે જાણે છે કે દારૂ લીવરને નુકશાન કરે છે છતાં તેઓ છોડી શકતા નથી એટલે તેઓ લીવરને તંદુરસ્ત રાખવાની દાવો કરતી દવાઓ મેડીકલ સ્ટોરમાંથી લેતા હોય છે, તેઓ વિચાર છે કે આ દવાઓ દારૂથી થતા નુકશાનથી લીવરને બચાવી લેશે પણ હકીકતમાં આમ નથી. માટે જ દારૂથી દૂર રહેવું જ સારૂં. દારૂ રહેવું જ સારું. દારૂ વધારે લેનારા - આદતવાળાએ ધીમે ધીમે ઘટાડતા જઈ બંધ કરવું જોઈએ.

**(૨) ધુમ્રપાન (Smoking) :** બીડી સિગરેટ પીવાની આદતથી દૂર જ રહેવું જરૂરી છે. કારણ કે બીડી-સિગરેટ પીવાથી શરીરમાં જમા થતાં ટોકસીન લીવરને નુકશાન કરે છે. અને લીવરની હાલત વધુને વધુ ખરાબ કરે છે. બીડી - સિગરેટ પીનારને તો નુકશાન થાય જ છે પણ તેનો ધુમાડો તો આસપાસમાં રહેલાઓને પણ નુકશાન કરે છે.

**(૩) દવાઓ :** ઘણા લોકો પોતાની રીતે પેઈન કીલર્સ, એન્ટીબાયોટીક વગેરે દવાઓ લેતા હોય છે. તે દવાઓની ખરાબ અસર લીવર પર થતી હોય છે કોઈપણ દવા તે સામાન્ય વિટામીનની દવા કેમ ન હોય, ડૉકટરની સલાહ મુજબ જ લેવી.

**(૪) કમળો :** જ્યારે કમળો થાય છે ત્યારે લોકો અંધશ્રધ્ધાથી મંત્ર-તંત્ર દોરા-ધાગા કરે છે તેનાથી બિમારી મટતી નથી અને દરદીની હાલત વધુ ખરાબ થાય છે. આમ કમળામાં ડૉક્ટરી ઈલાજ કરવો જોઈએ એ સૌએ સ્વીકારવું જરૂરી છે. દારૂ પીનારને લીવારને નુકશાન થવાથી કમળો થાય છે પણ તે લોકો કમળો વાયરસથી થયો છે એમ સમજી મંત્ર-તંત્રની સહાય લે છે, ડૉકટરી ઈલાજ કરતા નથી કે દારૂ પણ છોડતા નથી. તેમણે દારૂ છોડવો અને ડૉક્ટરી ઈલાજ કરવા.

કાચ કે સ્ટીલ ના જગમાં શુધ્ધ પાણી ભરી તેમાં લીંબુની છાલ સાથે વચ્ચેની પાતળી બે સ્લાઈસ (હૉટલમાં હાથ ધોવા ગરમ પાણીમાં આપે છે એવી લીંબુની સ્લાઈસ) નાખી રાત્રે રાખી દો જે આખો દિવસ પીવામાં વાપરી શકાય. ૨ કલાકમાં જ તે પાણીમાં ઔષધીય ગુણો મળી રહે છે. આ પાણીથી લીવર, કીડની, લોહીનું શુધ્ધીકરણ થાય, કેન્સર થવાની શક્યતા ઘટે, વજન વધતું ઘટે, પ્રતિકાર શક્તિ વધવાથી શરદી ખાંસી જેવા ચેપથી બચાવે અને શરીરને સ્ફૂર્તિલું બનાવે. રાત્રે ન રાખે તે સવારે લીંબુની સ્લાઈઝ નાખી રાખી બે કલાકમાં તેની અસર થાય છે. પાણી વાપરતાં ઘટે તો તેમાં ઉમેરતાં જવું, બીજે દિવસે લીંબુની સ્લાઈઝ બદલવી.

આમ આ સર્વ કાળજી લઈ શરીરનું મુખ્ય અંગ એવા લીવરને સંભાળો. **(સંપૂર્ણ)**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કંું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી વારાપધર તીર્થે ધ્વજા મહોત્સવ ઉજવાયો

અબડાસાની નુતન પંચતીર્થ ''વાવાલાપરા'' પૈકીના વારાપધર નગરે ૨૯-૧-૨૦૧૮ના શ્રી આદીનાથ દાદાના જિનાલયની ૧૫૭મી વર્ષગાંઠ પૂ. સાધુ ભગવંત મુક્તિરત્ન મ.સા.ની પાવન નિશ્રામાં તેમજ અંદાજીત ૬૦ ગામવાસીઓની હાજરીમાં વિધીકાર-સંગીતકાર દીપકભાઈ કોઠારી સાથે ઉજવવામાં આવેલ તે પ્રસંગે ૧૭ ભેદી પૂજા ભણાવવામાં આવેલ. ધ્વજા મહોત્સવની ઉજવણી માટે મુંબઈ-વાપી-અમદાવાદ-ગાંધીધામ- આદીપુર-ભુજ આદી શહેરોથી ગામવાસીઓ પધાર્યા હતા. ટ્રસ્ટીશ્રી અરવીંદભાઈ, મહેશભાઈ તેમજ ધીરેનભાઈ લોડાયા, માનદ્‌મંત્રી વિનય લોડાયા, ભુતપૂર્વ ઉપપ્રમુખ પ્રફુલ નાગડા પણ હાજર હતા.

ઉદાર દિલ દાતાઓ ૧) માતુશ્રી પદમાબેન અશોક ભેદા, ૨) માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા, ૩) શેઠશ્રી રાયચંદ શીવજી છેડા, ૪) માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત લોડાયા ૫) માતુશ્રી તેજબાઈ લાલજી લોડાયા, ૬) શેઠશ્રી ખીમજી ચત્રભોજ લાલકા, ૭) શેઠશ્રી હંસરાજ વીરજી વીકમશી, ૮) માતુશ્રી વીમલાબાઈ શીવજી લોડાયા.

આયોજનને સફળ બનાવવા હરીશભાઈ લોડાયા તેમજ સ્થાનીકે લહેરચંદભાઈ શીયાળ, ભરતભાઈ નાગડા, કલ્પેશ મોમાયા તેમજ ભુપેન્દ્ર વિકમશીનો સાથ સહકાર મળેલ.

### વડોદરામાં શ્રી સચ્ચામાંની રજત પહેડી

૪-૨-૨૦૧૮ના વડોદરામાં કુળદેવી શ્રી સચ્ચામાંની પહેડી ધામધૂમપૂર્વક ઉજવાઈ. આ વર્ષે રજત જયંતિ પહેડીનો લાભ માતુશ્રી મણીબેન વલભજી નરશી નાગડા (વિઢ)ની સ્મૃતિમાં અ.સૌ. ફેમીના પિયુષ રાંભીયા (નાગલપૂર - કેનેડા)એ લીધો. તૃપ્તી શાહના સંગીતના સૂરોએ માંની ભક્તિમાં બધાને તરબોળ કરી દીધા. સખી દીલ દાતાઓએ સચ્ચામાં માટે ભેટ સોગાદની વર્ષા વરસાવી અને જીવદયાની ઝોલી છલકાવી દીધી. સમૂહ પહેડીના પરિવારનું સન્માન કરવામાં આવ્યું. કમિટિ સભ્યો કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા તથા દિલીપ ગડાનું દાતા પરિવારે સત્કાર કર્યો હતો. ભાવિકો તરફથી તેમજ દાતા તરફથી દરેકને ઘરદીઠ લ્હાણી આપવામાં આવી.

### સાંયરા ખાતે પૂનમની ઉજવણી

૩૧-૧-૨૦૧૮ના માતુશ્રી કાન્તાબાઈ મણીલાલ મૈશેરી તથા માતુશ્રી મધુબાઈ નવીનભાઈ લોડાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ તથા એમના તરફથી બાલમંદિર તથા સ્કૂલમાં બીસ્કીટની ભાવના થયેલ. મુંબઈથી રતીલાલભાઈ ધ્રોળ તથા દીનેશભાઈ પટેલ આવેલ. દાદાના દર્શન કરવા ભાવિકો સંઘો તથા સાધુ ભગવંતો તથા સાધ્વી ભગવંતો સારી સંખ્યામાં આવે છે. રતિલાલ ધ્રોળની ૧૫૧મી પૂનમ તથા દીનેશ પટેલની દેરાસરમાં સાંયરા ખાતે પૂજા તથા સંઘપૂજન છૂટક ૭૬ પૂનમ હતી.

૧-૨/૨૦૧૮ના શ્રી વિજય લીલાધર મોમાયા માટુંગાવાળા તરફથી દેવ જયેશ મોમાયાના જન્મ દિવસ નિમિત્તે પૂજા- સંઘ પૂજન તથા સ્કૂલમાં તથા દેરાસરમાં પ્રભાવના બપોરના સાધર્મિક ભક્તિ, ભોજન દાતા પરિવાર તરફથી રાખવામાં આવેલ હતા.

પૂ. સાધુ ભગવંત વીરશેખર મ.સા. તથા પૂ. સાધ્વીજી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની હાજરામાં બન્ને પૂજા સારી રીતે ભણાવવામાં આવી. પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. કાળધર્મ નિમિત્તે પૂજા માતુશ્રી જવેરભાઈ કલ્યાણજી મોમાયા તરફથી દેરાસરમાં રાખવામાં આવેલ હતી. સાંયરા સંઘે સારી રૂડી રીતે ભણાવી.

### કે.ડી.ઓ. મહિલા મંડળ - યુવા મંચ વડોદરા

મહિલા મંડળ તથા યુવા મંચ વડોદરા દ્વારા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીની શરૂઆત નવકાર મંત્રથી કરવામાં આવી. ત્યારબાદ નાના ભુલકાઓનાં દેશભક્તિનાં જોરભેર ડાન્સથી બધામાં જુસ્સો ભરી દીધો. એક વર્ષની વયથી સીનીયર સીટીઝન સુધીની વ્યક્તિઓની રમતગમત હરીફાઈ રાખવામાં આવી હતી. જેમાં સર્વેએ હોંશભેર ભાગ લીધો. કે.ડી.ઓ.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ દ્વારા જ્ઞાતિના સમૂહ લગ્નોત્સવ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમૂહ લગ્ન ટ્રસ્ટ દ્વારા કચ્છમાં **તા. ૦૬-૫-૨૦૧૮ રવિવારના સમૂહ લગ્નોત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. સમૂહ લગ્નમાં જોડાવવા ઈચ્છુક પાર્ટીઓએ તા. ૩૧-૩-૨૦૧૮ પહેલા ફોર્મ, એકમ કાર્યાલય ગાંધીધામ અથવા એકમ ભવન ભુજથી મેળવી ભરીને મોકલી આપવાના રહેશે.

સંપર્ક : **મહેશ લાલકા** - **98252 87555**
**લહેરચંદ ખોના** - **98251 38103**
**પ્રબોધ મુનવર, ભુજ** - **99251 69876**

બહેનોઓએ વિવિધ વાનગીઓનાં ફુડ સ્ટોલ રાખેલ હતા. યુવા મંચ આયોજીત છોકરા-છોકરીઓની ગેમઝોનમાં બધી ઉંમરનાં વ્યક્તિઓએ આનંદ માણ્યો. રમતના ઇનામના દાતાશ્રીઓ કુસુમબેન મોમાયા, દમયંતીબેન લોડાયા, એક સદ્‌ગૃહસ્થ, હસવંતીબેન નાગડા, નિર્મળાબેન લાલકા, મીનાબેન લોડાયા, જીસ્મીબેન લોડાયા, ઉદીત લોડાયા, પ્રિયલ ખોના, રૂપલ લોડાયા હતા.

**કે.ડી.ઓ. મહિલા મંડળ - વડોદરા નવી કારોબારી**

પ્રમુખ - ગુણવંતીબેન ભરત લોડાયા, ઉપપ્રમુખ - જયાબેન સોમચંદ મોમાયા, સેક્રેટરી - ભારતીબેન તરૂણ નાગડા, સહ સેક્રેટરી - મંજુલાબેન લહેરચંદ મૈશેરી, ખજાનચી - વિજયાબેન પ્રિતમ લાલકા, સહ ખજાનચી - નિલમબેન મણીકાંત લોડાયા.

**પરબ શક્તિ સંજીવની સોસાયટી**

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા પ્રમોટ કરવામાં આવેલ. કે.ડી.ઓ. મહિલા સાહસિકોએ ૨૬-૨૭-૨૮મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ પરેલ, મુંબઈ ખાતે સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડમાં, જીવન જ્યોત કેન્સર રીલીફ એન્ડ કેયર ટ્રસ્ટ દ્વારા આયોજીત 'કચ્છી ટ્રેડ ફેર'માં ભાગ લીધો હતો. અહીં કુલ ૩૦૦ થી વધુ સ્ટોલ હતા પરંતુ પરબ દ્વારા પ્રોયાજિત ૨ સ્ટોલ તેમના અસલનાં ગૃહનિર્મિત પેંડા, ચોકલેટ, રસગુલ્લા અને મુખવાસ જેવા વ્યંજનો સાથે મહેંદી કળા પ્રદર્શન દ્વારા મુલાકાતીઓનો ખૂબ સુંદર પ્રતિસાદ પામ્યા હતાં. આયોજકો એ પરબના સ્ટોલને અનન્ય અને અનોખો કહીને બિરદાવતાં માન્યું કે ગૃહઉત્પાદિક તથા શુદ્ધ અને સાત્વિક વસ્તુઓનો તે એક માત્ર આઉટલેટ હતો.

પરબનો આગામી પ્રોજેક્ટ, વાર્ષિક અનાજ તથા મસાલા વિતરણ, ૨૧ તથા ૨૨ માર્ચ ૨૦૧૮ના પરમકેશવ બાગ, ઘાટકોપર (વેસ્ટ) મધ્યે રાખવામાં આવેલ છે. સ્ટોલ બુકીંગ માટે સંપર્ક કરો : શ્રીમતી કાશ્મીરા લૂઠીયા - 9821675772 તથા શ્રીમતી પારૂલ મોતા - 9322280529.

**કચ્છ સરહદે પેટાળમાંથી સિંધુનાં પાણી ઉલેચાશે**

પાણી પુરવઠા વિભાગ દ્વારા અત્યંત ગુપ્ત રાહે ધૂળની ઊડતી ડમરીઓ વચ્ચે કરવામાં આવેલી મોજણીના પ્રાથમિક તારણ પ્રમાણે, પેટાળમાં સરસ્વતી અને સિંધુ નદીનું મીઠું પાણી વહેતું હોવાની પૂરતી સંભાવનાઓ જોવા મળતા ટૂંક સમયમાં સરહદી ચોકી પાસે બોર કરીને પાણી કાઢવાની મથામણ ચાલી રહી છે. જો આ પ્રોજેક્ટમાં સફળતા મળશે તો કચ્છના ઈતિહાસમાં અત્યંત મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાશે તેમાં બેમત નથી.

એમ કહેવાય છે કે ૧૬ જૂન-૧૮૧૯ના મહાધરતીકંપ પહેલાં કચ્છના લખપત સહિતના સરહદી વિસ્તારમાંથી સિંધુ નદી વહેતી હતી, પરંતુ ભૂકંપના કારણે અલ્લાબંધ રચાતાં કચ્છમાં આવતાં સિંધુનાં પાણી પાકિસ્તાનમાં ફંટાઈ ગયાં હતાં. કહેવાય છે કે આ કચ્છ માટે ગોઝારો દિન હતો. ધરતીકંપના કારણે જમીન ઊંચી થતાં ૭ કિ.મી. પહોળી એક જાણે અભેદ્ય દીવાલ રચાઈ હોય તેમ બંધ બંધાયો હતો. આ કુદરતી પ્રકોપ પછી કચ્છમાં પાણીની તકલીફ શરૂ થઈ હતી.

પાણી પુરવઠા બોર્ડના મુખ્ય ઈજનેર એ.એસ. રાઠવા અને અધીક્ષક કચ્છીમાડુ એલ.જે. ફફલની સૂચનાને પગલે ઇજનેરોની ટુકડી કામે લાગી હતી.

ગુગલ નકાશાના આધારે સરહદ પરની સીમા સુરક્ષા દળની ચોકીઓના સમગ્ર વિસ્તારની રઝળપાટના અંતે પાણી પુરવઠા બોર્ડની ટીમે ત્રણ જગ્યાની ઓળખ કરી ત્યાં બોર બનાવવાનો નિર્ણય કરાયો છે.

કાર્યપાલક ઇજનેરના જણાવ્યા પ્રમાણે, બાવલા બેટ અને બિહાર બેટના ભૂગર્ભમાંથી સિંધુનાં પાણી વહે છે તેવું હાઇડ્રોલોજિસ્ટ નરેશ ગોર દ્વારા તૈયાર કરવામાં આવેલા હેવાલમાં જાણવા મળ્યું છે. ચાલુ મહિને ફેબ્રુઆરીમાં પ્રથમ તબક્કે ગેંડા પોસ્ટ-૧૦૭૯ની ચોકી પાસે બોર કરવાની તમામ તૈયારીઓ ચાલે છે. (

જન્મભૂમિમાં પ્રકાશિત લેખનો અંશ)

**પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ**

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.**

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવીન રાયશી લોડાયા** (PS 4158) | 10B, શિવ પારસ નગર, પ્લોટ ૯, શનિદેવ મંદિરની સામે, ભુજ-મુંદ્રા રોડ, ભુજ કચ્છ - ૩૭૦ ૦૦૧. મો.: ૦૯૭૨૬૯ ૦૫૯૮૧, ૦૯૫૩૭૬ ૪૮૨૮૨ |
| **કમલેશ આણંદજી દંડ** (PS 6685) | Y-૧૧, રામ દૂત, પલ્લવ પાર્ક, અમિત નગર ચાર રસ્તા, કરેલી બાગ, જીવન ભારતી સ્કુલ પાસે, વડોદરા-૩૯૦ ૦૧૮. મો.: ૦૯૭૩૦૮ ૦૦૭૪૭ |
| **વિક્રમ કાંતીલાલ ધુલ્લા** (PS 2481) | D-૭, ગોલ્ડન પાર્ક, રોડ નં. ૩, ડીસૂઝા વાડી પાસે, વાગલે એસ્ટેટ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૪. મો. : ૦૯૮૭૦૮ ૦૦૭૦૦ |
| **શ્રીમતી નવલબાઈ લક્ષ્મીચંદ છેડા** (PS 2624) | ૪૦૬, શિવ શક્તી નિવાસ, હનુમાન મંદિર રોડ, સેક્ટર ૨૬, સંદીપ બાર પાસે, કોપરી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૫. મો.: પિયુષ ૦૯૦૦૪૦ ૩૪૯૭૨, પ્રીતિ ૦૯૨૨૧૩ ૬૪૦૮૦ |
| **છત્રપતિ જેઠાભાઈ મૈશેરી** (PS 6769) | ૫૦૫, ગીતા એપાર્ટમેન્ટ, ૫મે માળે, સ્ટેશન રોડ, અંજુર ફાટા, ભિવંડી - ૪૨૧ ૩૦૨. મો.: ૦૯૯૭૦૪ ૧૩૦૮૧ |
| **દર્શન વિમલ લાલકા** (PS 5544) | ૪૦૪, એશ્વર્યા ગાર્ડન એપાર્ટમેન્ટ, સરક્કી માર્કેટ પાસે, ૪૦ મો મેઈન, ૯મો ક્રોસ રોડ, જે પી નગર ૧લો ફેસ, બેંગલુરૂ - ૫૬૦ ૦૭૮. |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૨૯-૦૧-૧૮ | ભાંડુપ | કીનાયા, સ્વાતી સુશીલ હેમંત મોતા | રાયધણજર | કન્યા |
| | | **સગપણ** | | |
| ૧૩-૦૨-૧૮ | ડોમ્બીવલી | મિહિર પ્રફુલ રતિલાલ લોડાયા | પરજાઉ | ૨૮ |
| | ડોમ્બીવલી | ચાર્મી અશોક વાડીલાલ ધરમશી | સેવક ભરૂડિયા | ૨૭ |
| ૧૩-૦૨-૧૮ | સાંગલી | પ્રતિક વિજય માણેકજી ખોના | કોઠારા | ૨૭ |
| | મુલુંડ | હિનલ વીરેન્દ્ર ચાંપશી લોડાયા | તેરા | ૨૫ |
| | | **લગ્ન** | | |
| ૨૨-૦૧-૧૮ | તિરપુર | રાહુલ સતીશ હંસરાજ નાગડા | પરજાઉ | ૨૬ |
| | કોઈમ્બતુર | માનસી કમલેશ વીરચંદ લોડાયા | જખૌ | ૨૨ |
| ૦૫-૦૨-૧૮ | ભાંડુપ | ગૌરાંગ હુકમચંદ લક્ષ્મીચંદ છેડા | સુજાપુર | ૨૮ |
| | ઘાટકોપર | રિધ્ધી ભરત વનરાજ લોડાયા (શાહ) | રંગપુર | ૨૪ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૧૮-૦૧-૧૮ | મુલુંડ | દ્રુવેન જયેશ કલ્યાણજી સાવલા | દેપા | ૨૬ |
| | મુલુંડ | ઈશીતા ધવલ દામજી લોડાયા | નલિયા | ૨૫ |
| | | **મરણ** | | |
| ૧૩-૦૨-૧૮ | અંકલેશ્વર | પ્રતાપ લક્ષ્મીચંદ લાલકા | બાંઢીયા | ૭૦ |
| ૧૩-૦૨-૧૮ | ઈંદોર | રમીલા કાન્તીલાલ ખીમજી કરમશી નાગડા | તેરા | ૫૫ |
| ૧૫-૦૨-૧૮ | મલાડ | ચીમનલાલ શામજી મોમાયા | વરાડીયા | ૭૭ |
| ૧૫-૦૨-૧૮ | પરેલ | CA. શીવજી કુંવરજી વિકમશી | રાણપર | ૯૦ |
| ૧૫-૦૨-૧૮ | દહિસર | ચીમનલાલ રામજી ફુરૂવા | ગોધરા | ૮૧ |
| ૧૬-૦૨-૧૮ | વરલી | નયનાબેન દિનેશ ચત્રભોજ પટેલ (મોતા) | તેરા | ૭૩ |
| ૧૬-૦૨-૧૮ | મુલુંડ | જ્યોતિ (ગીતા) વિજય રાયચંદ ધુલ્લા | સુથરી | ૫૬ |
| ૧૬-૦૨-૧૮ | હૈદરાબાદ | હેમલતા મણીલાલ ભવાનજી મોતા | કુવાપધર | ૮૦ |
| ૧૬-૦૨-૧૮ | ડોમ્બીવલી | રાજબાઈ શામજી લાપસીયા | દલતુંગી | ૮૦ |

**કચ્છી કસબ - ૧૧૬ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૧) અણાથઇ (૩) અકસીર (૭) નાંય (૮) ખેજેતા (૯) એળે
(૧૦) બસી (૧૧) ડાચા (૧૨) ચોખો (૧૫) ખોપટો
(૧૬) આચકયો (૧૭) ડનણ (૧૮) ગચ (૧૯) ઓખો (૨૧) રધ
(૨૪) કંઠોળો (૨૫) સોતા (૨૬) ઉંધમાંધ (૨૮) અચવેન
(૨૯) કોસર (૩૦) રમઇ (૩૧) સિકલ (૩૨) વરઇ

ઊભી ચાવીઓ -
(૧) અંઇ (૨) ઇનાં (૪) કળસીયો (૫) રખેતો (૬) વતાય
(૯) એચા (૧૧) ડારોડરે (૧૨) ચોપ (૧૩) ખોટો
(૧૪) એકડો (૧૫) ખોણસ (૧૬) આચરકુચર (૧૯) ઓઠો
(૨૦) ખોળો (૨૨) સોતા (૨૩) ભોધ (૨૪) કંધ (૨૫) સોનકાર
(૨૬) ઉંભર (૨૭) માંધાઇ (૨૮) અસલ (૨૯) કોક

## કોઠારામાં જોવા જેવો હતો નિયાણીઓ નો સંઘ - વહી ગયો પ્રસંગ, રહી ગયો રંગ

કચ્છ કોઠારા તીર્થે શ્રી શાંતિનાથ દાદાના દરબારે ૧૫૬મી વર્ષગાંઠ (મહાસુદ તેરસ તા. ૨૯-૧-૨૦૧૮) પ.પૂ. મુનિરાજ શ્રી વીરશેખર વિજયજી મ.સા. તથા કોઠારા રત્ના સાધ્વી શ્રી પ.પૂ. આનંદકીર્ણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ચતુર્વિધ સંઘની હાજરીમાં, તેમજ ૧૦૦ થી પણ અધિક નિયાણી બહેનોના સાનિધ્યમાં રંગે ચંગે સંપન્ન થઇ. મહિયરના ગામની માટીમાં મોટા થયા એ ગામે ધ્વજા મહોત્સવે દેશ દેશાવરની નિયાણી બેનો ભેગી થયેલ.

શ્રી શાંતિનાથ દાદાની જય બોલાવી તા. ૨૭-૧-૨૦૧૮ના મુંબઈથી પ્રયાણ કર્યું. ટ્રેનમાં નાસ્તાની વ્યવસ્થા માતુશ્રી ભચીબાઈ ઝવેરચંદ લોડાયાની સુપુત્રીઓ તથા સાંજના ચોવિહારની વ્યવસ્થા કમિટીની બહેનો તરફથી કરવામાં આવેલ. તા. ૨૮-૧-૨૦૧૮ના ગાંધીધામથી કોઠારાની પંચતીર્થી પ્રવાસના દાતા જયાબેન મુનવર, જેમિનીબેન લોડાયા, હેમલતાબેન મૈશેરી તથા પ્રેમલતાબેન નાગડાએ લાભ લીધેલ. ભદ્રેશ્વરમાં દર્શન કરી, ૭૨ જિનાલયમાં નવકારશીના દાતા (U.S.A.)થી અરૂણાબેન ધરમશી હતા. શિવમસ્તુ દેઢિયા તીર્થ થઇને સુથરી પહોંચ્યા જ્યાં કોઠારાની નિયાણી સુશીલાબેન ધરમશીએ વાજતે ગાજતે સ્વાગત કરી સાધર્મિક ભક્તિનો લાભ લીધો અને કમિટી બેનોનું સન્માન કરેલ તથા નિયાણી બેનોને ઘરે પગલાં કરાવી પ્રભાવના કરેલ. ત્યાં કોઠારાની નિયાણી બેન હીરાબેને પણ બધી નિયાણી બેનોને ઘરે પગલાં કરાવી સંઘ પૂજન કરેલ.

લગભગ ૩.૩૦ કલાકે કોઠારા તીર્થે પહોંચ્યા. ત્યાં ''જય જય શ્રી શાંતિનાથ'' નામથી અંકિત કરેલ સ્કાર્ફ તેમજ ગુલાબના પુષ્પથી શ્રી કોઠારા સંઘે, શણગારેલાં બેડા, ઢોલના નાદ થી ભવ્યાતિભવ્ય સ્વાગત કરેલ. પિયરે પહોંચતા જ બધો થાક ઉતરી ગયો. દાદાના દર્શન કરી સૌ ઉપાશ્રયમાં સાધુ સાધ્વીજીને વંદન કરી મહાજનના પ્રમુખશ્રી નલિનભાઈ અજાણી તથા મિત્ર મંડળના પ્રમુખ શ્રી હેમંત ભાઈ તેમજ કમિટી મેમ્બરોએ નિયાણી બેનોનું ઉષ્મા ભર્યું સ્વાગત કર્યું. બાદમાં સર્વે ચા નાસ્તો કરવા ભોજન શાળામાં ગયા જેનો લાભ હસુમતીબેન તથા કવિતાબેને લીધેલ. સાંજે ચોવિહારનો લાભ ધનબાઈ મોતા, લક્ષ્મીબેન વીકમસી તથા વિજયાબેન લોડાયાએ લીધેલ. તેમજ દેવકાબેન લોડાયા અને લીલાવંતીબેન લોડાયાએ સંઘ પૂજન કરેલ. રાત્રી ભાવનામાં નિયાણી બેનોએ કસાબની આંધી પરમાત્માને ચઢાવી. મુખ્ય ૩ ધજા સહીત ૨૫ ધજાના ચઢાવા ઉછળતા ભાવે નિયાણી બેનોએ લઈને રંગ રાખ્યો. ૧૬માં તીર્થંકર શ્રી શાંતિનાથ દાદા હોઇ મુખ્ય ધજાનો ચઢાવો ૧૬૧૧૬ મણમાં માતુશ્રી પુષ્પાબેન હંસરાજ ખોના હસ્તે જ્યોતિબેન બિપિન ધુલ્લાએ લીધેલ. દરેક ધ્વજાનો ચઢાવો ૫૦૦૦ મણને પાર કરી નિયાણી બેનોએ લીધેલ. બાદમાં રાસગરબા દાંડિયાનો ધમાકેદાર પ્રોગ્રામ થયેલ.

૨૯-૧-૨૦૧૮ના ધ્વજાના દિવસે માતુશ્રી પ્રેમાબાઈ લાલજી અજાણીની સુપુત્રીઓએ નવકારશીનો લાભ લીધેલ. સત્તરભેદી પૂજા ભણાવવા સંગીતકાર પ્રવીણભાઈ ગોરએ સંગીતના તાલે પ્રભુ ભક્તિમાં બધાને તલ્લીન કરી દીધેલ. પૂજા ભણાવવાનો લાભ અનિતાબેન ધરમશી તથા મોનિકાબેન લોડાયાએ લીધેલ. પૂજામાં દરેક ભાવિકોએ ચામર, ખંજરી, ગરબા, નૃત્ય કરી પોતાના ઉચ્ચ ભાવ વ્યક્ત કર્યા.


આખરે એ ઘડી પણ આવી પોંહચી જે ઘડીનો છેલ્લા કેટલાક મહિનાઓથી ઇન્તેઝાર હતો... નવમી પૂજા... એટલે કે ધ્વજા ચઢાવવાનો. ત્યારે જિનાલયમાં ખરા અર્થમાં સ્વર્ગ સમાન માહોલ રચાયો. પવિત્ર મંત્રોચાર સાથે ત્રણ પ્રદક્ષિણા કરી સર્વે મહાનુભાવો તેમજ નિયાણી બેનોએ માથે ધ્વજાની છાબ મૂકી, જય જય શ્રી શાંતિનાથના નાદ સાથે ધ્વજારોહણ કર્યું. પૂજાની પુર્ણાહુતી બાદ ગંગાબાઈ ચાંપશી તથા ભચીબાઈ ઝવેરચંદની સુપુત્રીઓ તરફથી પ્રભાવના કરવામાં આવી. બપોરે સ્વામી વાત્સલ્યનો લાભ માતુશ્રી હિરાવંતીબેન ખેતશી દંડ (કાયમી દાતા) પરિવારે લીધો. ત્યારબાદ દાતા પરિવારોનું સન્માન સમારંભ રાખવામાં આવેલ. કોઠારા મહાજનના પ્રમુખ શ્રી નલિનભાઈ તથા કોઠારા મંડળના પ્રમુખશ્રી હેમંતભાઈનું બહુમાન કરાયું. બહોળી સંખ્યામાં પધારેલ નિયાણી બેનોનું આગતા સ્વાગતા તેમજ રહેવા જમવાની વ્યવસ્થા કરી આપવા બદલ ગામના કાર્યકર ભાઈઓ ધનપતિભાઈ, દિનેશભાઈ, હરીશભાઈ, પ્રબોધભાઈ, વર્ધમાનભાઈ, ગુલાબભાઈનો હૃદય પૂર્વક આભાર માનવમાં આવેલ. પધારેલ ટ્રસ્ટીઓ દિનેશભાઈ, રાયચંદભાઈ, વીરચંદભાઈ તેમજ પધારેલ. મહાનુભાવો મણિલાલભાઈ, અનિલભાઈ, લહેરચંદભાઈ, ઝવેરચંદભાઈ, ખુશાલભાઈ, દર્શનભાઈ, ચંદ્રકાન્તભાઈ, હીરાચંદભાઈએ પ્રસંગને ચાર ચાંદ લગાડેલા. આ પ્રસંગે દેરાસર, ભોજનશાળા તેમજ પાંજરાપોળના સ્ટાફનું નિયાણી બહેનો દ્વારા બહુમાન કરવામાં આવેલ. સમારંભના સારથી તરીકેની ભૂમિકા મધુબેન મૈશેરી અને વિજયાબેન વિકમસીએ સારી રીતે નિભાવી નિયાણી બેનોએ કમિટીની બેનોનું ભાવપૂર્વક સન્માન કર્યું. પધારેલ સર્વ નિયાણી બેનોને, મહાનુભાવોને તેમજ ગામના રહેતા પરિવારોને લાડવાની પ્રભાવના માતુશ્રી નિર્મળાબેન શશીકાંત તરફથી હતી. ગાંઠિયાના પેકેટ જ્યોત્સ્નાબેન દંડ તથા મીનાબેન દંડ તરફથી આપવામાં આવેલ. કોઠારા મહાજનશ્રી તરફથી સર્વેને યાદગીરી રૂપ ટ્રાવેલ બેગની પ્રભાવના કરવામાં આવેલ તેમજ નિયાણી બેનો તરફથી બધી બેનોને સંભારણું આપવામાં આવેલ. ત્યારબાદ બપોરનો ચા નાસ્તો માતુશ્રી ખેતબાઈ ઝવેરચંદની સુપુત્રીઓ તરફથી રાખેલ.

સાંઝના ચોવિહાર, સોનબાઈ હીરજી લોડાયાની સુપુત્રીઓ તરફથી તથા રતનબેન સાયા તથા કસ્તુરીબાઈ મુનવર તરફથી પ્રભાવના કરેલ. તોરલબેને સુંદર શૈલીમાં પોતાનું વક્તવ્ય રજુ કરેલ. ૩૦-૧-૨૦૧૮ના નવકારશી માતુશ્રી કમળાબાઈ દેવશી લોડાયાની સુપુત્રીઓ તરફથી તથા સાધર્મિક ભક્તિ મુક્તાબેન દિનેશ શાહ તરફથી રાખેલ. આ પ્રોગ્રામને સફળ બનાવવા મધુબેન મૈશેરી, વિજયાબેન વીકમશી, ઉષાબેન પોલડિયા, તરલાબેન શિયાળ, મીનાબેન લાલકા, હીનાબેન નાગડા, નીલમબેન મૈશેરી અને અનિતાબેન લોડાયાએ જહેમત ઉઠાવેલ.

નિયાણી બેનો તરફથી મળેલ ફંડ દેરાસરમાં ધ્વજાના ચઢાવામાં, સાધારણ ખાતામાં, પાંજરાપોળ, ભોજનશાળા, પાઠશાળા, અતિથિગૃહ, આંગીરચના, અને સાર્વજનિક દવાખાનામાં વગેરે શુભ સ્થાને નોંધાવવામાં આવ્યા છે. કચકડામાં કંડારનાર વિડિઓ શૂટિંગના દાતા રાજેશ્રી હિરેન વીકમસી હતા.

આ પ્રોગ્રામમાં અમને સાથ સહકાર આપનાર મહાજન, મિત્ર મંડળ, તેમજ ગામવાસીઓનો નિયાણી બેનો ખૂબ ખૂબ આભાર માને છે. ભુલચૂક થી કોઈનું નામ રહી ગયું હોય તો મિચ્છામી દુક્કડમ્. જય જિનેન્દ્ર

# કોઠારામાં જોવા જેવો હતો નિયાણીઓ નો સંઘ



શ્રી કોઠારા તીર્થ
કોઠારા - કચ્છ

**શ્રી શાંતિનાથજી મેરૂપ્રભ જિનાલય તીર્થ (કોઠારા)**
**બંધાવનાર ભાગ્યશાળી દાનવીર શ્રેષ્ઠીઓ**

શેઠશ્રી વેલજી માલુ


શેઠશ્રી શીવજી નેણશી


શેઠશ્રી કેશવજી નાયક




શ્રી શાંતિનાથ પ્રભુની
કસબની આંગી

## વહી ગયો પ્રસંગ, રહી ગયો રંગ



કોઠારામાં નિયાણી બહેનોનું ભવ્ય સ્વાગત સમારોહ



નિયાણી બહેનોનું સામૈયું કરવા સજ્જ કોઠારાવાસીઓ





પરમાત્માની ધ્વજાનો લ્હાવો લેનાર પરિવારજનો



સાધર્મિક ભક્તિના દાતા પરિવારનું બહુમાન



કોઠારામાં પધારેલ કમિટિની બહેનો



સત્તરભેદી પુજામાં ખુશ ખુશાલ ભાવિકો



સુથરીના દાતા પરિવારનું બહુમાન



પુજામાં રમઝટ





કોઠારા તીર્થે પધારેલ નિયાણી બહેનોનો સમુહ

## ચતુર્થ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૩૦/૦૫/૧૯૫૭

અરિહંત શરણ :
તા. ૨૨/૦૨/૨૦૧૪

### શ્રીમતી વાસંતી હીરાચંદ લાપસીયા

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...માં તારી આશિષમાં નહોતી કોઈ અધુરાશ,
કરૂણાનાં નહોતા કોઈ કિનારા... કેમ કરીને ભુલીએ તમારા સંભારણાં....

❖ સ્મરણકર્તા ❖

**માતુશ્રી નિર્મળાબેન ચાંપશી પદમશી લાપસીયા પરિવાર** ❖ પતિ - **હિરાચંદ ચાંપશી લાપસીયા**

પુત્રવધુ-પુત્ર : **વર્ષા ચેતન હીરાચંદ લાપસીયા**

પૌત્ર : **હર્ષ - ભવ્ય** દોહિત્ર : **ક્રીશ - પાર્થ**

પુત્રી : **જસ્મીન રાકેશ ગોગારી** (ડોણ-કચ્છ)

પુત્રી : **કાજલ તેજસ ગોગારી** (ડોણ-કચ્છ)

પિયર પક્ષ : **માતુશ્રી ગંગાબાઈ પોપટલાલ જેતશી મોતા પરિવાર** (ગોરખડી)

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જીવન પ્રયાણ :
તા. ૯-૮-૧૯૬૫

જીવન અંત :
તા. ૨૩/૦૨/૨૦૧૭

### અ.સૌ. ભાવના હેમંત લાલજી ગાલા

મંજલ રેલડીયા - જલગાંવ

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...
મમતાની નહોતી કોઈ મર્યાદા, વાત્સલ્યના નહોતા કોઈ વાયરા...
આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાના નહોતા કોઈ કિનારા...

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
ચીર શાંતિ અને ઉચ્ચગતિ આપે એજ પ્રાર્થના.....

**પ.પૂ. નિર્વેદકલાશ્રીજી મ.સા.** - હાલ : જલગાંવ ના આશિષ

પતિ : **હેમંત લાલજી દેવજી ખજુરવાલા (ગાલા)**
પુત્રી-જમાઈ : **અ.સૌ. સેજલ તરૂણ ચાવલા** (શહારાનપુર)
દોહિત્ર : **ઝલક તરૂણ ચાવલા**
માતા-પિતા : **ગં.સ્વ. પુષ્પાબેન ચિમનલાલ મોમાયા** (વરાડીયા)
ભાઈ-ભાભી : **અ.સૌ. ઉર્મીલા શૈલેષ, અ.સૌ. ધારીણી ભુપેશ મોમાયા**
ભત્રીજી : **શીવાની, પંકતી**

K.D.O. STUDENTS ASSOCIATION

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

### શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

**વ્યવસ્થાપક સમિતિ ૨૦૧૮-૨૦ માટે ચૂંટણીનો કાર્યક્રમ**

ચુંટણી માટે **ઉમેદવારી પત્ર વિતરણ** તા. ૧૯.૦૩.૨૦૧૮ થી ૨૧.૦૩.૨૦૧૮ના કાર્યાલયમાં થશે. સાંજે ૭.૩૦ થી ૮.૩૦ દરમ્યાન અને એજ દિવસે ઉમેદવારી પત્ર ભરીને આપી શકાશે. ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની તા. ૨૩.૦૩.૨૦૧૮ અને ઉમેદવારોની આખરી યાદી એજ દિવસે રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ ના દરમ્યાન કાર્યાલયમાં જાહેર થશે.

જો જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારી પત્ર આવેલ હશે તો ચુંટણી મતદાન તા. ૨૫.૦૩.૨૦૧૮ ના બપોરે ૨ થી ૪ દરમ્યાન સંઘના કાર્યાલયમાં કરવામાં આવશે અને એજ દિવસે ૪ વાગ્યા પછી ગણતરી ચાલુ કરવામાં આવશે. ત્યારબાદ ચુંટણી સંબંધી ચુંટણી અધિકારીઓના નિર્ણય આખરી અને સર્વ સામાન્ય રહેશે.

**શ્રી ભરત શામજી છેડા (ચુંટણી અધિકારી)**

## કોટિ કોટિ વંદના...



### પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

શાસન બાગના જે સુવાસિત પુષ્પ હતા....
અમ જીવનબાગના જે માળી હતા....
ગુણ વૈભવના સ્વામિની હતા....
અમ જીવનમાં ગુણોના બીજ વાવનારા હતા....
ગુણોની સુવાસ સર્વત્ર ફેલાવનાર હતા....
પ્રેમ-પવિત્રતા....
પ્રસન્નતાના પાઠ ભણાવનારા હતા....
એવા
ગુણ - ગુણોદય - મુક્તિના
ચરણ સેવિકા
શાંત મૂર્તિ ..... સરલ મના....

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના**
**ચરણ કમળમાં**
**અમારા સમસ્ત પરિવારની**
**કોટિ કોટિ વંદના....**

*લી.*

**ખીમજી તેજપાલ લોડાયા પરિવાર**
*ઔરંગાબાદ (કોઠારા)*

## કોટિ કોટિ વંદના...



### પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

સ્વભાવે જે શાંત હતા....
આરાધના ભાવે અરિહંતમય હતા....
સંયમ યાત્રામાં જે પ્રસન્ન હતા....
સિદ્ધાચલ યાત્રાના જે ભાવિક હતા....
આત્મકલ્યાણમાં જે સાવધાન હતા....
એવા
સરલ સ્વભાવી, સમતા મૂર્તિ,
ગુણ - ગુણોદય - મુક્તિ
આશિષ પ્રાપ્ત

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના**
**ચરણકમળમાં**
**નત મસ્તકે કોટિ કોટિ વંદના**

આપશ્રીની કૃપા અમારા ઉપર અખંડપણે
સદા વરસતી રહે

કૃપાકાંક્ષી

**શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
વરાડીયા - મલકાપુર

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (19-02-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રદ્ધાંજલિ... પુષ્પાંજલિ... આત્માંજલિ

**પ.પૂ.આ.ભ. શ્રી યશોવર્માસૂરી મ.સા., પ.પૂ. લબ્ધિ-વિક્રમસૂરિ સમુદાયના આજ્ઞાવર્તીની પ.પૂ.સા. નિર્મળાશ્રીજી મ.સા., પ.પૂ.સા. પ્રશમ કલાશ્રીજી સુશિષ્યા**

## પ.પૂ. સા. નિર્વેદકલાશ્રીજી મ.સા.

(સંસારી હીરબાઈ લાલજી ગાલા - ખજુરવાલા)

દીક્ષા
માગસર સુદ ૩
સં. ૨૦૩૮
માલેગામ
(મહારાષ્ટ્ર)



કાળધર્મ
મહાસુદ ૧૫
સં. ૨૦૭૪
(નવસારી)

**દીક્ષા પર્યાય ૩૬ વરસ**

જિન શાસનના ગૌરવવંતા સાધ્વીજી હતા...
અમ પરિવારના રત્ન હતા...
જ્ઞાન-ધ્યાનમાં લીન હતા...
જાપ-સ્વાધ્યાયમાં મસ્ત હતા...
અમારા હૃદયમાં ધર્મ દીપક પ્રગટાવનારા હતા...
એવા અમારા અનંત ઉપકારી...
પ.પૂ. ગુરુમૈયા સા. નિર્વેદકલાશ્રીજી મ.સા.ને કોટી કોટી વંદના.
એમનો આત્મા સત્વરે મુક્તિગામી બને...
અમારા ઉપર સદા કૃપા વરસાવતા રહે...

લિ. - પરિવારજનો

સ્વ. પદમશી હરભમ પીરની સુપુત્રી
સ્વ. ટોકરશી પદમશી પીર
સ્વ. શામજી પદમશી પીર
સ્વ. ખીમજી પદમશી પીર
સ્વ. નરશી પદમશી પીર તથા
સ્વ. મુરબાઈ રામજી ધુલ્લાના બહેન

સ્વ. લાલજી દેવજી ગાલા (ખજુરવાલા)ના પત્ની
વિજય લાલજી ગાલા
ખુસુમતીબેન નવીનચંદ્ર ખોના
સાધ્વી કલ્પરત્નાશ્રીજી
(સંસારી પુર્ણિમા જિતેન્દ્ર દંડ)
લીલમબેન જયંતિલાલ ગડાના તથા
હેમંત લાલજી ગાલાના માતુશ્રી

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,